॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ ગીત : પરમાત્મા સાથેનું અનુસંધાન ॥

એક પક્ષી વાતાયન પર આવીને બેસી ગયું; પાંખ ફફડાવી, ગીત ગણગણ્યું ને ઊડી ગયું. બુદ્ધે એને બેસતું, ફફડાવતું, ગીત ગાતું, ઊડી જતું જોયું ને પછી કહ્યું; 'આજનું પ્રવચન પૂરું થયું.'

બુદ્ધ સૂચવવા માગે છે કે, સંસાર તમારું વાતાયન છે. અહીં બેસી પાંખોને ભૂલી ન જતા. નહિ તો ખુલ્લું આકાશ સદાને માટે ખોવાઈ જશે. પાંખોની ક્ષમતા ત્યારે જ યાદ રહે છે જ્યારે આપણે તેનો ઉપયોગ કરીએ છીએ. જેનો ઉપયોગ નથી કરતા એ ધીરે ધીરે નિષ્ક્રિય થઈ જાય છે. આ જ પ્રવચન, આ જ સંદેશ ! તમે ઊડી શકો છો મુક્ત આકાશમાં. ભૂલી ગયા છો કે તમારી પાસે પાંખ છે. તમે પગથી ચાલી રહ્યા છો. તમે ઊડી શકો એમ છો. થોડી પાંખો ફફડાવો. જેથી તમને ભરોસો આવી જાય.

ગીત ગાજો. ગીત જ પ્રાર્થના છે. તમે ગાઈ શકો તો પરમાત્મા સાથે કોઈને કોઈ સંબંધ જોડી શકો છો. જ્યારે ગાશો ત્યારે તમારું હૃદય પૂરેપૂરું ખીલશે.

ધર્મ આ ગીતની તલાશ છે. એ જ પ્રાર્થના, પૂજા, અર્ચના, આરાધના, સ્તુતિ, ધ્યાન ! જે દિવસે તમારા ભીતરમાંથી અસ્તિત્વ પ્રત્યેના આભાર-અહોભાવનું ગીત ઊઠે. એ દિવસે તમે કહી શકશો. 'હું ધન્ય છું. મારું હોવું જ પર્યાપ્ત છે. આ શ્વાસનું અંદર જવું-બહાર આવવું પૂરતું છે. જીવનની આ એક ક્ષણ સામે આખા જગતનું સામ્રાજ્ય તુચ્છ છે.'

**—સંકલન**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ 'ૐ મા પર્વ' વિશેષાંક ॥

(તા.૧૭-૧૦-૨૦૨૦ થી તા.૨૬-૧૦-૨૦૨૦)

'જિન્દગી એ શીખવાનું પર્વ છે. કેટલુંક તમે કરો છો ને કેટલુંક તમારા થકી 'કોઈ' સિદ્ધ કરે છે. પ્રકૃતિના ગુણ પ્રમાણે કર્મ થાય ખરું પણ તેના અધ્યક્ષ છે પરમાત્મા. (જે બિરાજે છે પોતાના હૃદયમાં જ અંતર્યામીરૂપે!) એમને કર્મ અર્પણ કરવાનું, એ જ શરણાગતિ.'



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | પૂજ્યશ્રી'મા'નાં અમીભર્યાં આવકારવચન | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | શ્રી યોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૮ |
| ૩. | સ્વર્ગદ્વાર ઍપ | સંકલન | ૧૦ |
| ૪. | 'મા' જગદંબાનું શરણ શા માટે ? | " | ૧૨ |
| ૫. | 'મા' જગદંબાનું સ્વરૂપ અને ઉપાસના | " | ૧૬ |
| ૬. | નવરાત્રિનું માહાત્મ્ય | " | ૧૯ |
| ૭. | દૂષણોરૂપી મહિષાસુર | " | ૨૩ |
| ૮. | કામનામાત્રનું મૂળ : 'અહંકાર' | " | ૩૪ |
| ૯. | 'મા' દુર્ગાનાં ત્રણ સ્વરૂપો | " | ૩૭ |
| ૧૦. | 'મા' દુર્ગાના નવ અવતાર | " | ૩૯ |
| ૧૧. | નવરાત્રિનો 'સ્વર્ગારોહણ'માં વિશેષ મહિમા | " | ૪૫ |
| ૧૨. | નવરાત્રિ માગે છે એનો અસલી ચહેરો | " | ૫૩ |
| ૧૩. | દુર્ગાસપ્તશતી | સંપાદન | ૫૭ |
| ૧૪. | પ્રેમસંગીત | " | ૫૯ |
| ૧૫. | 'પ્રકાશના પંથે'ની પ્રાર્થનાઓનું સ્વરૂપ | સંકલન | ૬૨ |
| ૧૬. | પૂજ્યશ્રી યોગેશ્વરજીની પ્રાર્થનાઓનો મર્મ | " | ૬૩ |

## નિવેદન : 'ફૂલ એના, દોરા એના, ગૂંથનાર પણ એ'

નવરાત્રિના નવ દિવસ પૂજ્યશ્રી 'મા' એ યોજેલા 'ૐ મા પર્વ'નું શીર્ષક-નામાભિધાન જ સૂચવે છે તેમ, આખુંયે પર્વ 'મા'નું, 'મા' થકી, 'મા' માટે આયોજિત હતું. આપણ સર્વને એ એક જ સૂત્રમાં પરોવાયેલા રાખવાનો શુભ ઉદ્દેશ હતો.

કહે છે કે, દોરો પરોવેલી સોય ખોવાતી નથી, ખોવાય તો મળતાં વાર નથી લાગતી. ભક્તિ-શ્રદ્ધાનો દોરો ન હોય તો આપણી ક્ષણોનો ઢગલો થઈ સંસારની ક્ષુલ્લક વાતોમાં નિરર્થક ખર્ચાઈ જાય; એટલે ફૂલો હોવા છતાં માળા ન બને.

જીવનમાં જો એકસૂત્રતા, એક જ દિશાનું ગન્તવ્ય સ્પષ્ટ થઈ જાય તો ગમે તે પ્રવૃત્તિમાં રત રહેવા છતાં વૃત્તિ એનું લક્ષ્ય ચૂકે નહિ ને જેમ જેમ પૂજ્યશ્રી 'મા' કહે છે તેમ; 'મંગલદ્વાર' ઊઘડતાં જ સુખ-શાંતિની ઝલક પ્રાપ્ત થાય.

'ૐ મા પર્વ' નિમિત્તે તા. ૧૭ થી ૨૫ નિર્મિત સત્સંગ આપણી વ્યર્થ થઈ જતી ક્ષણોને ઉગારી ૮ થી ૧૦ (બે કલાક) સાર્થકતાની દિશા તરફ અભિમુખ કરવા માટે હતો. એટલે આપણો આખો દિવસ 'પૂ.શ્રી 'મા'ની સાંધ્યસંનિધિ'ની પ્રતીક્ષામાં પૂરો થાય. ૮ થી ૧૦ એ અમૃતવર્ષણથી આપણી સ્થિતિ 'વિગલિતવિદ્યાન્તર' (સંપૂર્ણ જાતવિસ્મરણ (જગત વિસ્મરણ)) જેવી થાય, આખી રાત એના આલોકનો ચિત્ત પર પ્રભાવ રહે, આપણે 'મા'ને જ નહિ ખુદને પણ 'શક્તિરૂપેણ સંસ્થિતાઃ' અનુભવીએ તો આપણી ચેતના સળંગ પ્રભુમય રહે એ માટે જરૂર છે આવી સસૂત્રતાની ! જો આપણી સમગ્ર ચેતનાનું રોકાણ આવા ચૈતન્ય જગાડનારા પર્વમાં રહે તો આપણાં રોજબરોજનાં કાર્યો પણ વધારે સારી રીતે સંપન્ન થઈ શકે.

સાચે જ કોરોનાની મહામારી સામે પૂજ્યશ્રી'મા'ની કરુણાની આવી સંજીવની જેને જેને પ્રાપ્ત થઈ તે ધન્ય બની ગયા.



## ॥ પૂજ્યશ્રી'મા'ના અમીભર્યાં આવકારવચન ॥

આજે 'ૐ મા પર્વ'નો પ્રારંભ છે.

સૌ સ્વજનોમાં પથરાયેલા પરમતત્ત્વને અમારા પ્રણામ છે.

આપણે આ યુગના શ્રેષ્ઠ માધ્યમ દ્વારા મળી રહ્યાં છીએ.

જેમાં કેટલાંક નિયમો પાળી રહ્યાં છે.

તો એવા જ નિયમો આપણી આંતરિક શુદ્ધિ માટે પણ જરૂરી છે. ચાલો આપણે સાથે મળીને નવ દિવસ સાત્ત્વિક નિયમો લઈને સ્વયં જાતને સજાવી લઈએ. પ્રભુના દ્વારે પોકારી લઈએ.

સર્વ દિશાથી પ્રાર્થના સાથે સજ્જ બનીએ.

પરમશક્તિ પાસે આપણે સૌ આશીર્વાદ માગીએ.

આપણા ગુરુદેવતા આપણા આત્મતત્ત્વના આશીર્વાદ માંગીએ.

આ પર્વથી મંગલદ્વાર ઉઘાડવા મથામણ કરી લઈએ.

નવ દિવસનું પર્વ નવી દિશા ઉઘાડનારું બની રહે એવી પ્રાર્થના કરીએ.

'ૐ મા પર્વે' સૌનું સ્વર્ગારોહણ દ્વારે સ્વાગત છે.

**॥ પર્વના પ્રત્યેક દિનનું પ્રાર્થનાપુષ્પ ॥**

**(પૂ.શ્રી'મા'નું સ્વરાંકન)**

★ શ્રી રામકૃષ્ણ વંદુ તમોને શ્રદ્ધા ભક્તિ દો દર્શન અમોને.

★ કૃપાનું કિરણ બસ એક માગું છું...

★ મારી અરજ સુણી લો આજ...

★ શ્રદ્ધા ઘણી રાખી રહ્યો છું હું, હવે તમે વાર કરો છો શું ?

★ પ્રભુ પર છોડી દે જીવન પ્રભુ પર છોડી દે, પ્રમાદ તારા મનનો કેવળ પ્રભુ શુ જોડી દે

★ ગુરુજી અમે તો તમારા શરણમાં, સમર્પ્યું છે જીવન તમારાં ચરણમાં

★ એવા ગુરુને પદે મારી પ્રીતિ હજો. કૂણાં કાળજાની કોર એનું આસન હજો..

★ મારી અરજ સુણી લો આજ...

★ 'શ્રી યોગેશ્વર ભગવાન એ છે મારા જીવનના આરામ કરું છું એના ચરણે કોટિ પ્રણામ જી.'

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

---

દૃશ્ય અને અદૃશ્ય બધી જ વિભૂતિઓને પૂર્ણ શક્તિ આપનારી તું જ છે, તારા ઉદરરૂપી પાત્રમાં આખું બ્રહ્માંડ સમાયેલું છે, તું સંસારરૂપી લીલાનાટ્યનું સૂત્રસંચાલન કરવાવાળી, વિજ્ઞાનરૂપી દીપકને પ્રજ્વલિત કરવાવાળી અને કાશીનગરીની અધિષ્ઠાત્રી છે, તેથી હે અન્નપૂર્ણા માતા ! વિશ્વેશ્વરને પ્રસન્ન કરવાવાળું જીવન હું જીવું એવી ભિક્ષા મારા પર કૃપા કરીને મને આપ. ॥પૂ॥

**—અન્નપૂર્ણાસ્તોત્રમ્**



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૮૨**

**તા. ૭-૨-૮૩, સોમવાર, મહા વદ દશમ ૨૦૩૯**

**રિઝર્વહીલ, ડરબન**

આજે પૂ.શ્રી સવારે ચાર વાગ્યે સ્નાન કરી લે છે. વ્યાયામ કરીને જપ કરવા બેસે છે. મને ઉઠાડે છે. મેં પણ સ્નાન કર્યા બાદ વ્યાયામ કરી લીધો. પછી તરત જ 'ગુરુ લીલામૃત'ના પારાયણમાં 'ઉપાસનાખંડ'નો પાઠ કર્યો. શ્રી રંગઅવધૂત મહારાજે લખેલો આ ગ્રંથ ગુરુ ઉપર શ્રદ્ધાભક્તિ વધારનારો છે. ગ્રંથ કાવ્યમાં છે, ને જુદી જુદી વાર્તાઓ એમાં વણી લીધી છે. શ્રીપાદ તથા શ્રી નૃસિંહસ્વામીજી તથા શ્રી વાસુદેવાનંદ સ્વામી કે જેઓ દત્તોપાસના જ કરતા હતા તેમનાં જીવનની પણ કથાઓ આમાં વર્ણવાયેલી છે. એના પારાયણમાં આનંદ આવે છે. આ ધરતી ઉપર પણ એ ગ્રંથ જોવા મળ્યો એટલે તેના પારાયણની ઈચ્છા થઈ આવેલી. જે હવે થોડા જ વખતમાં પૂર્ણ થઈ જશે.

આજે પૂ.શ્રીએ નિયમિત રીતે લેખન કર્યું. અગિયાર વાગ્યે રસોડામાં જઈને મેં ખીચડી ને ભીંડાની કઢી બનાવી. વળી, યજમાન ગૃહિણીની ઈચ્છા મુજબ ગળપણમાં થોડો શીરો પણ બનાવ્યો.

શીરો બનાવતાં પૂ.શ્રી પણ આવ્યાં ને કહેવા લાગ્યાઃ લાવો, હું એને હલાવું. લોટ શેકાઈ જાય ને સુગંધ આવે

એટલે મને કહેજો.

શીરો છૂપો રહી શકતો નથી. સત્કર્મ છૂપું રહી શકતું નથી. તેની સુગંધ સર્વત્ર પ્રસરી ઊઠે છે. તેમ, કુકર્મ પણ છૂપું રહી શકતું નથી. પૂ.શ્રીએ ભોજનના પદાર્થની કેવી સુંદર ઉપમા આપી ! ભોજન અમે અમારા ઓરડામાં લઈ લીધું.

ભોજન બાદ બાગમાં થોડા આંટા માર્યા. વળી, થોડું શ્રી રતિભાઈ સાથે બેઠાં. શ્રી રતિભાઈની ઈચ્છા પૂ.શ્રી વડોદરા શ્રી જીતુભાઈ સાથે ફોનથી વાત કરે એવી હતી.

પૂ.શ્રીએ એ અંગે કહ્યું : જીતુભાઈ જાણે છે કે મહાત્માજી કારણ વિના ફોન કરતા નથી. જરૂર પડે તો જ કરે. એવું અગત્યનું કામ હોય તો તાર કરે અથવા પત્ર લખે. બાકી, જરૂર ના હોય તો પત્ર પણ ના લખે.

એક શાક હોય તો બીજા શાકની જરૂર ના પડે. જેમ એક ધોતિયું હોય તો બીજા ધોતિયાની જરૂર ના પડે, તેમ કાગળની જરૂર હોય ત્યાં ફોનની જરૂર ના પડે એ આ મહાત્માની રીતભાત તેઓ જાણે છે.

આવી હળવી છતાં ગંભીર વાતો બાદ થોડો આરામ કર્યો.

સાંજે થોડું લેખન કર્યું.

આજથી ભારત હૉલમાં પ્રવચનો  શરૂ થયાં. આજે 'મંત્રજપની સાધના' વિષય પૂ.શ્રીએ પસંદ કર્યો. પ્રવચન પછી ઉતારા ઉપર આવી ગયાં. પછી આરામ.

**હરિઃૐ**

**–શ્રી 'મા' સર્વેશ્વરી**



# ॥ સ્વર્ગદ્વાર ઍપ ॥

**('શતયોગવંદનમ્' પર્વનું નજરાણું)**

'ઍપ એટલે 'ઍપ્લિકેશન'નું Sort Form' એનું ગુજરાતી- 'અરજી'. આ શબ્દ સીધો લઈ જાય કવિશ્રી રમેશ પારેખના 'મીરાં' સામે પાર કાવ્ય જગતમાં

**હરજી–**
**'અમે તો ઊભાં લઈ અરજી**
**તું આવ ન આવ તારી મરજી**
**અમે કંઈ ના ગરજી**
**અમે તો ઊભાં થઈ અરજી !'**

અરજી લઈને નહિ, અરજી થઈને ઈશ્વર પાસે જવું પડે. વિગતોનો બોજો વરીને નહિ, એ આત્મસાત્ કરીને આગળ વધવું પડે.

'સ્વર્ગદ્વાર' એટલે સ્વર્ગનું દ્વાર, સ્વર્ગમાં પ્રવેશવા માટેનું દ્વાર. એમાં પ્રવેશ્યા એટલે જે માગો, જે ચાહો જે ઇચ્છો એ હાજર ! સર્વાંગસંપૂર્ણ માહિતી મેળવવા માટેનું સ્થાન ! 'જે અહીં છે તે ક્યાંય નથી, ને એવું ક્યાંય નથી જે અહીં નથી'નો દાવો કરતી કૉમ્પ્યૂટરની એક device-પ્રયુક્તિ ઊભી છે.

આ ટૅકનોલોજીની કમાલ છે. 'સ્વર્ગારોહણ'ને લગતી તમામ માહિતી-પૂ.શ્રીનાં-પૂ.'મા'નાં પ્રવચનો, ભજનો, તેઓશ્રીનાં નિવાસસ્થાનથી માંડીને વિવિધ યાત્રાધામો. તેઓશ્રીએ રચેલાં તમામ ગ્રન્થોની અઢળક માહિતી ગીત–સંગીત–સંકીર્તન, સ્તોત્રો, શ્લોકોની વિગત. અન્યત્ર ક્યાંય કશું શોધવા જવું ન પડે એવી સમ્યક્ માહિતી.

તો સ્વર્ગના દ્વાર સુધી તો કોઈ પણ પહોંચી શકે. પણ અંદર જઈ, માહિતીઓને-વિગતોને અતિક્રમી, જે 'સત્ય' શોધવાનું છે, એ પામવા-માટે તો આ તથ્યોનો મહાસાગર ખૂંદવાનો છે.

એટલે દ્વાર દ્વારા પ્રવેશી અંદર, ભીતર ને ભીતર, જેટલા ઊંડા જવાય એટલું જવાનું છે. તો જ 'અધ્યાત્મ'નું મોતી મળે. મરજીવા થવા માટે, ડૂબકી લગાવવા નિમંત્રણ છે.

એટલે આ ઍપ-'દ્વાર' છે. એને 'દીવાર' બનાવી એની સાથે માથું અફાળવાનું નથી. 'માહિતી સંચય'માં ગૂંચવવાનું પણ નથી, એના ઉજાસમાં આગળ ગતિ કરવાની છે. એ યાદ રહે.

સાધનો જેટલાં વધતાં જાય છે, એટલા ગૂંચવાડા પણ વધતા જાય છે. આ ઍપનો સદ્-ઉપયોગ કરવાનો છે. માહિતી મેળવી સ્થગિત નથી થઈ જવાનું. 'અમે બધું જાણી લીધું.' જાણ્યા પછી, સમજણપૂર્વક એને ભીતર ઉતારવાનું છે. ભારે વિવેકથી પોતાના રસ-રુચિને અનુકૂળ સાધન ગ્રહણ કરી, એ દિશામાં મક્કમ પગલાં ભરવાનાં છે.

કારણ કે 'સ્વર્ગદ્વાર' 'આધ્યાત્મિક ઈતિહાસ'નો દસ્તાવેજ છે. જેને આધારે તન-મનના આવરણોમાં કેદ આત્માને અનાવૃત્ત કરી, પરમાત્મા સંમુખ, પરમાત્મા સુધી પહોંચાડવાનો છે.

યંત્ર ભેગા યંત્ર બની, યાંત્રિક રીતે ઍપ વાપરીને આપણી ચૈતન્યશક્તિ આપણું અસલ સ્વરૂપ આપણે ગિરવે ન મૂકી દઈએ એ માટે બહુ સાવધાન-સજાગ રહેવાનું છે.

'દ્વાર' નિમંત્રણ આપે છે, ભીતર જવાનું એની ભીતરી સંપત્તિથી સમૃદ્ધ થવાની તક આપે છે પણ એને 'દીવાલ' ગણી ત્યાં જ અટકી ગયા, ભયોભયો થઈ ગયું. તો ત્યાં જ આપણે જડ-નિશ્ચેષ્ટ મૂર્છિત થઈ જઈશું.

અધ્યાત્મમાં મુખ્ય વસ્તુ જાગ્રત થવાની છે. જાગૃતિ જ સાચા સ્વર્ગ સુધી લઈ જઈ શકે.

આ 'સ્વર્ગદ્વાર ઍપ' સર્વશ્રી આશિષ જોશી, નિકુંજ જોશી,

નીરલ ઉપાધ્યાય સ્નેહા ઉપાધ્યાય, દેવાંગ દેસાઈ, અર્પિતા જોશી, આદિત્ય ભટ્ટ તેમજ વિમિષાનું 'સહિયારું સર્જન' છે.

**—સંકલન**



# ॥ 'મા' જગદંબાનું શરણ શા માટે ? ॥

પરમતત્ત્વ અસીમ છે. એટલે એને પરમાત્માના કોઈ એક નામ કે રૂપમાં સીમિત કરવાનું શું કારણ ?

તો પરમાત્મા નિર્ગુણ, નિરાકાર, સર્વમાં ઓતપ્રોત છે. તેનો સંગ કેવી રીતે કરાય ? અવધાન એ જ સંગ. અનુસંધાત્મિકા ભક્તિ સિવાય આત્માની ભક્તિ થઈ શકતી નથી.

હવે આત્મા તો નિત્યતૃપ્ત છે. એની સંગતિમાં ચિત્તબુદ્ધિ પણ સંતૃપ્ત. પણ ચિત્ત જો આત્માની સંગતિ છોડી ઈન્દ્રિયો દ્વારા આકર્ષિત થાય તો પતીત થાય. અર્થાત્ સ્વ-ધર્મ, સ્વપદમાંથી નીચે ઊતરે.

મોટા મોટા તપસ્વીઓ હજારો વર્ષ તપશ્ચર્યા કરે ને પળવારમાં ફસડાઈ જાય. અહીં જ્ઞાન, તપ, જપના પુરુષાર્થનો અહંકાર કામ નથી કરતો.

તેથી પ્રણતિ, શરણાગતિ-સમર્પણની વાત આવે છે. એટલે જ જીવનની દિવ્યતા સાથે સંબંધિત થવા જગદંબાનું પ્રતીક શોધાયું છે.

આ જગદંબા વિશ્વવ્યાપી પરમાત્માની સાથે જોડાયેલી છે, એ શાશ્વતીની મૂળની શક્તિ છે. આદ્યશક્તિ ! Desire is a primar energy of entity. —આ ઇચ્છાશક્તિ શાશ્વતીની મૂળશક્તિ છે. એની સામે પુરુષાર્થ કામ નથી કરતો.

ઇચ્છાશક્તિ ઠગારી છે. યોગીની સાથે યોગિની બનીને જોડાઈ જાય છે. તેથી એનાથી સાવધાન રહેવાનું છે.

કામ શાંત થશે ત્યારે ચિત્ત તો આત્મસંતોષમાં રહેવાનું છે. એટલે તમામ પુરુષાર્થ વિફળ જતા લાગે-જ્ઞાન-તપ-જપના, સ્વધર્મ-આત્માની સંગતિનો ભયમાં લાગે ત્યારે આપણે મા-મા કહીએ છીએ. મહામાયા એ 'મા' 'હે 'મા' ! મને સંભાળો.' એમ કહી સગુણ-સાકાર, વિશિષ્ટ નામરૂપમાં પરમાત્માનો સાક્ષાત્કાર સાધના દ્વારા કરવા ભક્ત ચાહે છે.

શરણાગતિના ભાવથી જીવનની દિવ્યતા સાથે સંબંધિત થવા જગદંબાનું પ્રતીક શોધાયું છે.

જગદંબાની ભક્તિથી, સમર્પિત ભાવથી ચિત્તની શુદ્ધિ સાધવાની છે. રિદ્ધિ-સિદ્ધિના બહાને પણ વિષયો ચિત્ત પર આક્રમણ ન કરે એવી સાવધાની-પળ પળની જાગૃતિ સાધકે રાખવાની છે.

તેથી સ્વશિક્ષણથી સાધનાનો પ્રારંભ કરવાનો છે. કાયા-વાચા-મનસા શુદ્ધિકરણ આરંભવાનું છે.

આદતો જ નહિ, સંસ્કારોનું પણ નિર્મૂલન ! શરીરનિર્વાહ માટે જ સેવન. પ્રયોજન-ભૌતિક પદાર્થોનું એ પણ સુસભ્ય, સુસંસ્કૃત, સ્વસ્થ, સંયમની રેખા પર.

જો સાધક 'રસેશ્વર' પ્રત્યે એકાગ્ર ન થાય તો તેનું મન વિષયોમાં રસ પેદા કરશે.

ઈન્દ્રિયોને ઈશારાથી જ પોતાનું વાંછિત કરાવવાની શક્તિ સોંપવાની !

સર્વ વ્યવહાર 'સોડહમ્'ના સ્રોતમાંથી અહમ્‌ના સ્રોતમાંથી નહિ.



ચિત્તનું સમત્વ-ઈન્દ્રિયોનું સંતુલન સહજ ! આત્માને કશું કરવું પડતું નથી. એની ઉપસ્થિતિ એ જ અનુગ્રહ. બધાના હૃદયમાં જ ઈશ્વર છે. પછી પોતાના-પરાયાના, પ્રિય-અપ્રિયનો ભેદ ક્યાં ? સર્વ પ્રત્યે સમાન ભાવ પળવાર માટે પણ આત્માથી વિભક્ત નથી એ ભક્ત !

પછી કોઈ વિધિવિધાન, પાઠ, પૂજા, ક્રિયાકાંડની ક્યાં જરૂર. એટલે ઉપાસના માટે આપણે જે રૂપ બનાવીએ એમાં પરમાત્માને કેદ ન કરીએ. જે સર્વવ્યાપ્ત છે તેને અતૃપ્તિ કેવી ? પાણીને તરસ લાગે ?

આપણે ત્યાં રિદ્ધિ-સિદ્ધિનું બહુ મહત્ત્વ છે. પણ આધ્યાત્મિક મહાનતાનું એ માપ નથી.

ભક્તિમાર્ગ-ધ્યાન-તંત્ર માર્ગે-પૂર્ણતાને માર્ગે રિદ્ધિ-સિદ્ધિ આવે છે.

શ્રી રામકૃષ્ણ પાસે જ્યારે એ આવતી ત્યારે મા પાસે દોડી જતા અને કહેતા; 'હે મા ! આ રિદ્ધિ-સિદ્ધિ તું લઈ લે. મારે એનું કામ નથી.' એનું તે જ છલકવા લાગ્યું ત્યારે કહ્યું; 'મા, આ તેજ લઈ લે. લોકો આને જોઈને મારી પાસે આવે છે ને મોહિત થઈ જાય છે.'

'આનાથી મને કોઈ ફાયદો નથી. લોકો એના પર મોહિત થાય છે એટલે એમાં એમનું મોટું નુકસાન છે.'

આત્માના આનંદમાં જે રમમાણ છે તેને બાહ્ય રિદ્ધિ-સિદ્ધિથી શું ? ચિત્ત એટલું સંસ્કારી-આભિજાત્યપૂર્ણ કે ઈન્દ્રભુવન પણ

તુચ્છ લાગે ! કહેવાતા સિદ્ધો કૌપીનધારી !

પણ પોતાના માટે રિદ્ધિ-સિદ્ધિનો ઉપયોગ કરવો જેમ દોષ છે તેમ બીજા માટે એનો વ્યાપાર કરવો-થવા દેવો એ પણ દોષ છે.

જ્યાં રિદ્ધિ-સિદ્ધિનો વ્યાપાર-પ્રદર્શન હોય ત્યાં લોકો રડે, પગ પકડે અને મનુષ્ય એનો ઉપયોગ કરે ત્યાં સ્થિતપ્રજ્ઞતા નથી. સમાધિ જીવનનો આયામ બન્યો નથી.

તેઓ માટે અમૃત પણ આત્માનારસ આગળ ફિક્કું છે.

દેહની અમરતા માટે તપશ્ચર્યા, કાયાકલ્પ અમરતા પ્રાપ્ત કરીને આત્માનંદ જ પામવાનો ને ? તો શરીરમાં રહીને આત્માનંદ ચાખવાનો અવસર સાંપડ્યો છે. પછી શરીર આજે પડે કે કાલે !

જેને આત્મબોધની તુષ્ટિ મળી છે, પરમાનંદની પુષ્ટિ મળી છે. એ સ્થિતપ્રજ્ઞ.

કાયાને દંડશો નહિ, પીડશો નહિ. હસતાં હસતાં ક્રીડા કરતાં કરતાં પાર કરશો—આ છે મધુરાદ્વૈત !

અધ્યાત્મ-ભક્તિ-ધ્યાન-મૌન સંકટ બની ગયાં છે. સંસાર માથા પર છે જ, આને ક્યાં સંકટ બનાવો ? આ કોઈ સંકટ નથી. દુનિયા શેષનાગના મસ્તકે છે, તમારા મસ્તક પર નથી ! દેહાંત=અહંતાના અંતની સ્થિતિ જે નિઃસીમ બ્રાહ્મીસ્થિતિ છે જ્યાં જઈને ક્યારેય પાછા આવવાનું નથી. 'નિષ્કામ' થઈ જવું.

**—સંકલન**



# ॥ 'મા' જગદંબાનું સ્વરૂપ અને ઉપાસના ॥

જગદંબા વિશ્વશક્તિ છે જે માતા તરીકે પૂજાય છે. 'મા' શક્તિનું પ્રથમ પ્રાગટ્ય છે. 'મા' નામની સાથે જ શક્તિનો, દિવ્યશક્તિનો સર્વશક્તિમત્ત્વનો ખ્યાલ પેદા થાય છે.

દિવ્ય માતા આપણામાં રહેલી સુષુપ્ત કુંડલિની (ગૂંચળું વળીને રહેલી શક્તિ) છે.

તેની ઉપાસના કર્યા વિના તેના સ્વરૂપને ઓળખી શકાય નહિ.

આ સર્વશક્તિમતી, કરુણામયી, સર્વવ્યાપી દિવ્ય 'મા'માં 'વિશ્વમાં રહેલી સમગ્ર શક્તિનો કુલ સરવાળો' છે તે વિશ્વમાં છે છતાં વિશ્વની અલગ છે.

આ દિવ્ય 'મા' એક વ્યક્તિ પણ છે. શ્રી રામકૃષ્ણે તેને એમ જોઈ હતી, જાણી હતી. તેથી 'મા'ની ભાવના મનમાં દઢ થાય તો આપણે બધું કરી શકીએ. પ્રાર્થનાનો તે તરત ઉત્તર આપે છે.

'મા' આપણને ગમે તે રૂપમાં, ગમે તે પળે પોતાનાં દર્શન આપી શકે છે.

દિવ્ય 'મા'ને નામરૂપ હોય રૂપ વિના નામ પણ હોય જેમ જેમ 'વિવિધસ્વરૂપે ઉપાસના' કરીએ તેમ તેમ તેના 'નામરૂપરહિત શુદ્ધ સત્‌સ્વરૂપ' તરફ ઊંચે ચઢી શકીએ.

ઈશ્વર માતા છે તેની બે અવસ્થાઃ સગુણ, નિર્ગુણ સગુણરૂપે-ઈશ્વર-જીવ-જગત સર્વસ્વ છે. નિર્ગુણરૂપે તે અજ્ઞાત-અજ્ઞેય-અદૃષ્ટ છે.

જગન્માતાનું એક બિંદુ કૃષ્ણ, બુદ્ધ, ઈશુ ! આપણી ભૌતિક માતામાં રહેલી જગદંબાના એક પ્રકાશઅંશની ભક્તિ પણ આપણને ગૌરવ પ્રાપ્ત કરાવે છે. તો 'પ્રેમ જ્ઞાન' મેળવવા જગદંબાની ભક્તિ કરો.

★

**॥ જગદંબાની ઉપાસના ॥**

સાચો ધર્મ પ્રેમમાં રહ્યો છે. કોઈ-અનુષ્ઠાન-વિધિવિધાનમાં નહિ.

બાહ્ય ઉપાસના એ આંતર ઉપાસનાનું એક પ્રતીકમાત્ર છે.

આંતર ઉપાસના-પવિત્રતા એ જ સાચી વસ્તુ છે, એ વિના બાહ્ય ઉપાસનાનો કોઈ અર્થ નથી.

ભક્તિ બે પ્રકારની છે :

(૧) વૈધી-અનુષ્ઠાનવાળી (૨) મુખ્ય કે પરા

ઉપાસનાનું નિયામક બળ પ્રેમ હોય તો ભક્તિનું આવું બાહ્ય સ્વરૂપ પણ જીવને ઊંચે ને ઊંચે ચઢાવવા જરૂરી છે. કેમકે માણસ કૂદકો મારીને એકદમ ઉચ્ચ કોટિએ પહોંચી શકતો નથી. તેથી કોઈ પણ પ્રકારની ઉપાસના-વિધિ-અનુષ્ઠાન, ક્રિયાકર્મો ધર્મનાં સહાયક તત્ત્વો છે. ધર્મ સ્વયં તો એક અનુભૂતિ છે.

જેમ બાળક સ્થૂળ વસ્તુના જ્ઞાનમાંથી આગળ વધી સૂક્ષ્મમાં પહોંચે છે તેમ ધર્મની અનુભૂતિની ભૂમિકાએ પહોંચવા સ્થૂળ પ્રતીકોમાંથી પસાર થાય એ જરૂરી છે.

દા.ત. બાળકને 'પાંચ ગુણ્યા બે દસ' એમ કહીએ એના કરતાં બે બે વસ્તુના પાંચ ઢગલા કરીને દસ કેમ થાય તે કરી



બતાવીએ તો તે તરત સમજી જશે. એમ 'મૂર્ત દ્વારા અમૂર્તની સમજણ' પ્રાપ્ત થાય ઉપાસના કરવા ભક્તે પહેલું કામ 'કામનાનો ત્યાગ' કરવો પડે.

આપણે ક્ષુદ્ર વસ્તુ મેળવવા પાછળ લાગી જઈએ છીએ. એ માટે કદી પ્રાર્થશો નહિ. રાજાધિરાજ પાસે ભિખારીના વેશે ન જવાય.

પ્રચલિત કર્મકાંડમાંથી નવાં ઉપજાવવાનાં રહેશે. ધ્યેય રચનાનો, વિનાશનું નહિ.

ધર્મ 'શિક્ષણનું અંતરતમ સત્ત્વ' છે. એના વિનાનું શિક્ષણ ન ચાલે.

'દરેક અણુમાં સમગ્ર વિશ્વની શક્તિ છે' આ સત્ય સમજી, સમજાવવું પડશે.

**—સંકલન**

અવિદ્યારૂપી અંધકારથી અતીત, પ્રજ્ઞાના પવિત્રતમ પ્રકાશથી પરિપ્લાવિત એવી એક ચેતના, સત્તા, જેને પરમાત્મા, ઈશ્વર, પરાત્મા, પરબ્રહ્મ, આત્મા, ગમે તે નામ આપી શકાય. એ ચેતનાનું જેમણે અવલોકન(દર્શન) કર્યું, તેનો સાક્ષાત્કાર સાધ્યો અને જે પણ પરમશાંતિને પામવા માટે બંધનોથી નિવૃત્ત થવાની અભિલાષા સેવે, એણે પણ તે પરમાત્મા પ્રત્યે અભિમુખ બનીને, તે પરમાત્માના અનુરાગને જગાવીને, તે પરમાત્માના દર્શન અથવા સાક્ષાત્કારને માટે તત્પર બનવું જોઈએ.

**—યજુર્વેદ**

# ॥ નવરાત્રિનું માહાત્મ્ય ॥

'નવરાત્ર' શબ્દ સંસ્કૃત શબ્દ 'નવરાત્રિ' પરથી ગુજરાતીમાં લેવાયો છે. આ નવ રાત અને દસ દિવસ દરમ્યાન 'મા' દુર્ગાનાં નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે.

ભારતમાં 'નવરાત્રિ' એ મહા ધાર્મિક પર્વ છે. દેશના જુદા જુદા ભાગોમાં અલગ અલગ વિધિવિધાનથી એ ઉજવાય છે. હિંદુ ધર્મ અને સંસ્કૃતિમાં આ નવ દિવસનું અનેરું મહત્ત્વ છે.

નવરાત્રિનો ઉત્સવ 'મા' દુર્ગા અને દૈત્ય મહિષાસુર વચ્ચે ખેલાયેલા ભીષણ યુદ્ધ સાથે સંકળાયેલો છે. તેથી સદ્‌ના અસદ્ પરના વિજયનો ઉત્સવ મનાવવાનો એનો મુખ્ય હેતુ છે.

વર્ષમાં ચાર વાર-પોષ, ચૈત્ર, અષાઢ અને અશ્વિની (આસો) મહિનાના પડવાથી નોમ સુધી 'નવરાત્રિ' મનાવવામાં આવે છે.

કોઈને પ્રશ્ન થાય કે 'નવદિવસ' નહિ 'નવરાત્રિ'નું કેમ મહત્ત્વ છે ? રાત્રિની મહત્તા કેમ કરાય છે ? તો એનો ખુલાસો એ છે કે રાત્રે શાંતિ-પ્રશાન્તિ હોય છે. 'મંત્ર-તંત્ર-ધ્યાન માટે જોઈતી એકાગ્રતા' આ સમયે સાધવી સરળ થઈ પડે છે.

વળી મન્ત્રોચ્ચાર શાન્ત વાતાવરણમાં કરાય તો મંગલમયતાનો પ્રસાર કરવા વધારે પરિણામકારી નીવડે છે.

સાત્ત્વિક ઊર્જાને વરસાવવા આપણે દિવ્ય શક્તિને પ્રાર્થીએ, પૂર્વજોની શ્રદ્ધાને સ્મરીએ, ધાર્મિક પરંપરાને વધાવીએ ત્યારે આ સમયે આપણી 'ઊર્જાની ક્ષમતાનું સ્તર' પણ ઊંચે જાય છે. 'નવરાત્રિ' પર્વ પાછળ બે કથાઓ પ્રચલિત છે.



(૧) મહિષાસુરમર્દિની દેવી ચંડિકાની–

હજારો વર્ષ પહેલાં પૂર્વકાળમાં મહિષાસુર નામે એક મહાબળવાન અસુર થઈ ગયો. રંભ દાનવનો આ પુત્ર ભેંસના ગર્ભથી પેદા થયો હતો.

એણે વર્ષો બ્રહ્માજીને પ્રસન્ન કરવા અતિ કઠોર તપશ્ચર્યા કરી. બ્રહ્માજીએ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું. તો એણે અમર રહેવાનું વરદાન માગ્યું. ત્યારે બ્રહ્માજીએ કહ્યું : 'જેનો જન્મ હોય એને અમરત્વ પ્રાપ્ત ન થાય. તું મૃત્યુ માટે કોઈ કઠિન શરત કરી શકે.' ત્યારે મહિષાસુરે માગ્યું કે 'મારું મૃત્યુ કોઈ દેવ કે પુરુષના હાથે ન થાય.' બ્રહ્માજીએ 'તથાસ્તુ' કહ્યું.

આ વરદાન મેળવ્યા પછી સ્વર્ગ પર આધિપત્ય મેળવવા તેણે અસુર સેના સાથે ઈન્દ્ર પર ચઢાઈ કરી. ૧૦૦ વર્ષ યુદ્ધ ચાલ્યું. દેવો પરાસ્ત થયા. એણે બધા દેવોને સ્વર્ગમાંથી બહાર કાઢી મૂક્યા. અને પોતે સ્વર્ગનો રાજા થઈ બેઠો.

દેવો ભયભીત થઈ વિષ્ણુ-શિવ-બ્રહ્માને શરણે ગયા. ત્યારે વિષ્ણુએ પોતાના મુખમાંથી મહાન તેજ પ્રગટ કર્યું. પછી તો શિવ-બ્રહ્માની સાથે સર્વ દેવતાઓએ પોતાનામાંથી તેજ પેદા કર્યું.

એ 'સંચિત તેજ'માંથી 'દિવ્ય પ્રકાશ' મા દુર્ગા 'ચંડિકા'રૂપે પ્રગટ થયાં જે 'અંબિકા'-'ભગવતી'ના નામે પણ ઓળખાયાં.

'મા' ચંડિકાનાં 'બધાં અંગો' દેવો પાસેથી પ્રાપ્ત થયાં. શિવજીનું મુખ, યમ પાસેથી વાળ, વિષ્ણુ પાસેથી ભુજા, ઈન્દ્ર પાસેથી ઉદર, બ્રહ્મા પાસેથી ચરણો અને અગ્નિ પાસેથી નેત્ર પ્રાપ્ત થયું.

આ ચંડિકાદેવીને બધા દેવતાઓએ કોઈ ને કોઈ ભેટ આપી- વિલક્ષણ હથિયારોની ! જેમકે, શિવજીએ એક ત્રિશૂલ, વિષ્ણુએ એક ચક્ર, બ્રહ્માએ કમંડલ, વરુણે શંખ, અગ્નિએ ભાલો, વાયુએ ધનુષ-બાણ, ક્ષીરસાગરે દિવ્ય શસ્ત્ર ને ગળાનો હાર, વિશ્વકર્માએ હથોડી (ફરસ), કાળે તલવાર, હિમાવતે સવારી માટે સિંહ ધર્યો.

આવાં સર્વ વિલક્ષણ હથિયારોથી સજ્જ પરમ તેજસ્વરૂપ ચંડિકાદેવીની સર્વ દેવતાઓએ સ્તુતિ કરી, વિજ્ઞપ્તિ કરી.

તેથી 'મા' ચંડિકાએ એક મહાન ગર્જના સાથે મહિષાસુરને લલકાર્યો. એમના શ્વાસમાંથી હજારો ગણોએ પ્રગટીને અસંખ્ય અસુરો સાથે યુદ્ધ કર્યું. આ યુદ્ધ નવ દિવસ ચાલ્યું. છેવટે ચંડિકાનું ભયંકરરૂપ ધારણ કરી, 'મા' દુર્ગાએ મહિષાસુરને પગ નીચે ચગદી, એની ગરદનને ભાલાથી રહેંસી, તલવારથી એનું મસ્તક કાપી નાંખ્યું.

'મા' દુર્ગાના આ 'ચંડિકા સ્વરૂપ શક્તિના મહાન આવિર્ભાવ'ની નવ દિવસ ભક્તજનો પૂજા-આરાધના-ભક્તિ કરે છે.

(૨) આ પર્વ પાછળ એક બીજી કથા પણ પ્રચલિત છે.

'રામ-રાવણ યુદ્ધ' માટેની પૂર્વતૈયારીરૂપે રામ અને રાવણ બંને પોતપોતાની રીતે ચંડીપાઠ-પૂજા કરે છે.

રામે ચંડીપૂજા માટે ૧૦૮ની નીલકમલોનો કમલોનો સંકલ્પ કરેલો. રાવણે માયાવી શક્તિથી એક નીલકમલ ગાયબ કરી દીધું.



રામને થયું કે, લોકો મને 'કમલનયન નવકંજલોચન' કહે છે તો એક નેત્રકમલ જ (ખૂટતા નીલકમલરૂપે) સમર્પિત કરી દઉં. આવો વિચાર કરી એ 'નેત્ર' કાઢવા જાય છે ત્યાં જ 'મા' દુર્ગા રામની પૂજાથી પોતે પ્રસન્ન છે, એમ કહી તેમને વિજયશ્રીના આશીર્વાદ આપે છે.

રાવણની ચંડીપૂજા પૂર્ણ સંપન્ન થાય એ પહેલાં હનુમાન બાળકરૂપે તેની પાસે પહોંચે છે અને 'જયા દેવી ભૂર્તિહારિની'ને બદલે રાવણ પાસે 'જયાદેવી પીડાકારિની' એવો શ્લોક ઉચ્ચારાવે છે, તેથી રાવણને શાપ મળે છે અને તેનો સર્વનાશ થાય છે.

ટૂંકમાં આ બંને કથાઓ સૂચવે છે તેમ; શક્તિસ્વરૂપા 'મા' દુર્ગાના આહ્વાન દ્વારા નકારાત્મકતા દૂર કરવા, વિધેયાત્મક ઊર્જા સર્જવા, પ્રેમ-શૌર્ય-જ્ઞાન-ડહાપણથી સ્થૂળતામાંથી સૂક્ષ્મતા તરફ જવા અહંકારદહન કરી આત્મઉજાસ પ્રગટાવવા માટેની સાધનાનું આ પર્વ છે.

**–સંકલન**

મહામાયા પોતાની શક્તિથી જ્ઞાનીઓનાં ચિત્તને બળપૂર્વક ખેંચીને મોહિત કરે છે.

એ મહામાયા સમગ્ર સૃષ્ટિને પ્રકટ કરે છે, ને પ્રસન્ન થઈને ભક્તને કે શરણાગતને શાંતિ, વરદાન તથા મુક્તિ ધરે છે. એ જ સર્વોત્તમ વિદ્યા, સંસારબંધન અને મોક્ષના મૂળભૂતઃ કારણરુપ, સનાતન તેમજ સર્વેશ્વરી છે.

–(દુર્ગાસપ્તશતીસાર)

# ॥ દૂષણોરૂપી મહિષાસુર ॥

પુરાણનો 'મહિષાસુર' આપણામાં કામ, ક્રોધ, મોહ, અહંકાર વગેરે દુરિતો-દુષ્ટ તત્ત્વોરૂપે દૂષણ તરીકે પુનર્જીવિત થવા માંડે ત્યારે દેવી દુર્ગાની શક્તિનો સ્રોત આપણને એમાંથી મુક્ત કરે એ માટે 'મા' દુર્ગાની પ્રાર્થના ભક્તિ આપણે હૃદયપૂર્વક કરવાની છે.

પ્રત્યેક દિવસે એક દૂષણ આપણામાંથી દૂર કરવાનો સંકલ્પ કરીએ, વ્રત-ઉપવાસ-પૂજાપાઠથી 'મા' દુર્ગાને પ્રસન્ન કરીએ તો 'મા' આ દૂષણો દૂર કરી આપણને શાંતિ અર્પે, એની કૃપા-આશીર્વાદ આપણને સમૃદ્ધ કરે.

પહેલાં એ દસ દૂષણો કયાં છે. તે ઓળખીએ :

(૧) કામ : ઈન્દ્રિયજન્ય લાલસા-લોલુપતા

(૨) ક્રોધ : અણગમાની તીવ્ર લાગણી, ઉદ્ધતાઈ, અસંતોષ

(૩) લાલસા : ધન, સત્તા, પદ માટે તીવ્ર સ્વાર્થી ઈચ્છા

(૪) મોહ : આસક્તિ, વસ્તુ કે વ્યક્તિ માટે ગમો

(૫) અહંકાર : જાત વિશે ઊંચો ખ્યાલ

(૬) ડર : ભય, પીડા કે ઈજાની આશંકાથી હતાશાની લાગણી

(૭) ઈર્ષા : બીજાનો ઉત્કર્ષ જોઈ બળવું

(૮) જડત્વ : નિષ્ક્રિયતા, બદલાવાની તૈયારી નહિ

(૯) નફરત : ટીકા-ગાળ-નિંદા

(૧૦) પશ્ચાતાપ : કંઈક ખોટું કર્યા માટે થતી બળતરા, અપરાધ

—નવરાત્રિએ નવ દૂષણ દૂર થાય. દશેરાએ દસમું ! તો



સાચા અર્થમાં 'વિજયાદસમી' ઊજવી શકાય.

—બધી નકારાત્મકતા પર આપણે દેવી માની કૃપાથી વિજય મેળવી શકીએ.

**કામ :**

(૧) કામનામાંથી નિવૃત્ત ભક્તિ જ નિષ્કામ બનીને ઊભરી આવે, એ જ વ્યક્તિને પૂર્ણતા પ્રદાન કરે.

છતાં સકામ ભક્તિ પણ સારી છે કેમકે કામની પૂર્તિ થતાં તે સમાપ્ત નથી થતી. જેમ જેમ કામની પૂર્તિ થાય તેમ તેમ તે ભક્તિમાં વધુને વધુ દૃઢ થાય, તેની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા વધુને વધુ ગાઢ બને.

એટલે દેવી-દેવતાઓને વિવિધ હેતુથી પૂજનાર છેવટે તો પરમાત્માને જ પામે છે. કેમકે દેવતાઓને ભજનારા અંતિમ સ્થિતિએ તો આત્મસ્થિતિમાં જ હોય છે.

કામ-ઈચ્છા-આકાંક્ષા કરવી જ હોય તો ક્ષુદ્ર, નાશવંત વસ્તુની નહિ, (સ્વયં) પરમાત્મા પાસેથી પરમાત્માને જ માગી લો.

પૂ.શ્રી'મા'એ ઈશ્વરદર્શી સંત દર્શન-સંનિધિ માગ્યાં. ને મળ્યા, એવા ધન્ય બન્યાં કે, અહંકાર વિસર્જન સંપૂર્ણપણે થઈ ગયું. કાળક્રમે -સાધનાક્રમે કરુણામયી 'મા'નું રૂપાંતર 'ૐ'માં થઈ જતું અનુભવ્યું.

પૂ.શ્રી યોગેશ્વરજીએ તો જગદંબા-સાક્ષાત્કાર નહિ, સ્વયં જગદંબા સ્વરૂપ બની રહે, એવી ઉચ્ચાતિઉચ્ચ કોટિની કામના-આકાંક્ષા કરી, ભગીરથ સાધનાબળે પ્રાપ્ત કરીને જ રહ્યા.

બાકી, વાસનાની વ્યર્થતા જે જોઈ લે છે તેની વાસના એવી પડી જાય છે જાણે લંગડાની ઘોડી ! મનુષ્ય પોતે જ પોતાને ત્યાં મેળવે છે, જ્યાં જે સદા હતો જ્યાં હોવું તેનો સ્વભાવ છે. એ જ છે પરમાત્મા, અધ્યાત્મ !

**ક્રોધ :**

હિમાલયના એકાંતમાં ક્રોધ ન આવે પણ લોકાન્તમાં-મેદાનમાં પાછા આવતાં ગાળો મળે, અપમાન મળે ત્યારે જ ખરી કસોટી થાય.

જાગ્રત વ્યક્તિમાં ક્રોધ રોકવો પડતો નથી, આપોઆપ અટકી જાય છે. કારણ કે એ અજ્ઞાન-મૂઢતા-મૂર્છામાં નથી. જેમ કોઈ વ્યક્તિ દીવાલમાંથી નીકળવાનો પ્રયત્ન ન કરે પણ સમજણની કૂંચીથી દ્વાર ખોલે.

ચૈતન્યની સ્થિતિ જ એવી જ્યાં ક્રોધ જન્મતો નથી. ક્ષુદ્ર-ક્ષુલ્લક વાત પર ધ્યાન જ નહિ.

ક્રોધ નિવારવા કેવળ ક્ષુદ્રતા પરથી લક્ષ હટાવવાનું છે એક સાંખ્ય સૂત્ર છે : પ્રકૃતિની નર્તકી ત્યાં સુધી જ નર્તન કરે જ્યાં સુધી તમે એના પર લક્ષ આપો !

દર્શક જ ન હોય, લક્ષ આપનાર જ ન હોય તો નાચવાનો શો અર્થ ? —એમ પ્રકૃતિ (ગુસ્સે થવાની) વિચારશે.

જે અંતરમાં છે તે જાગ્રત કરો, આચરણ બદલાશે ‘શુભ કર્મ’ તમારા દ્વારા થવા માંડશે.

**લાલસા :**

ધન, સત્તા, પદ-પ્રતિષ્ઠાની લાલસાની અભીપ્સા જાગે છે.



પણ હાથમાં આવતાં જ તેની નિરર્થકતા સિદ્ધ થઈ જાય છે. માટી દૂરથી સુવર્ણ લાગે છે, શુદ્ધ લાગે છે પણ પાસે આવતાં જ માટી, અશુદ્ધ લાગવા માંડે છે.

યુનાની કથા રાજા મિડાસની છે, એને એવી સિદ્ધિ મળેલી કે જેને પણ એ સ્પર્શશે એ સોનું થઈ જશે. તે મુશ્કેલીમાં મૂકાઈ ગયો. ભોજનને અડ્યો તો સુવર્ણ થઈ ગયું. પાણી પીવા ગ્લાસ ઊઠાવ્યો તો સોનાનો થઈ ગયો, હોઠ સુધી પાણી લઈ ગયો, સોનું થઈ ગયું. પત્નીને અડ્યો પત્ની સુવર્ણ થઈ ગઈ. પછી લોકો એનાથી દૂર ભાગવા માંડ્યા. સમ્રાટ હતો પણ એકલો થઈ ગયો. વરદાન અભિશાપ થઈ ગયું.

જે દિવસે અનુભવાશે કે બધી દોડ વ્યર્થ છે. ત્યારે તમે એ જગ્યાએ ઊભા રહી જશો. જ્યાં પરમાત્મા છે.

**મોહ :**

આસક્તિ. કોઈ વ્યક્તિ કે વસ્તુ માટે ગમો. સંસાર માટે મોહ.

મોહ એટલે પરમાત્માથી દૂર જવાની અવસ્થા-વ્યવસ્થા. નિર્મોહ પ્રભુ પાસે જવાનું દ્વાર !

મોહ, ચાહ, એક પ્રકારનું પ્રક્ષેપણ છે. મોહ સત્ય સુધી પહોંચવા નથી દેતો.

મોહને તમે નામ આપશો તો કલ્પના એ નામ પકડી લેશે ને એ ખેલમાં તમે ડૂબી જશો.

રામ તેમજ કૃષ્ણના ભક્તોને એક ઓરડામાં પૂરી દેવામાં આવે તો રામના ભક્તને ધનુર્ધારી રામ રાતભર પહેરો દેતા

દેખાશે. ને કૃષ્ણના ભક્તને આખી રાત કૃષ્ણની બંસરી સંભળાશે !

મનની ક્ષમતા અદ્‌ભુત છે. પ્રોજેક્શન-માયાનો ફેલાવો. તમે જે ચાહો તમને જેનો મોહ હોય એ દેખાવા માંડશે.

બાકી જ્ઞાનની આંખ ખુલે ત્યારે મોહ નિર્મૂલ થાય, ચિત્ત નિર્મલ-નિર્વિકાર થાય ને 'અનાહત' નાદ પરમાત્માનો ધ્વનિ સંભળાવા માંડે.

**અહંકાર :**

અહંકાર-જાત વિશેનો ઊંચો ખ્યાલ તમને ચંદ્ર પર પહોંચાડી દે, ઍવરેસ્ટ પર ખડા કરી દે પરંતુ 'સ્વયં' સુધી પહોંચાડી શકતો નથી.

છીછરો અહંકાર, એનાં કર્મ પણ છીછરાં. કોઈ સાગરની લહેર સાગરના ઊંડાણમાં જઈ શકતી નથી. ગમે તેટલી ઉછળકૂદ કરે, કોલાહલ મચાવે, નર્તન કરે, ચીસ પાડે પણ સપાટી પર જ રહેશે. એમ અહંકાર સપાટી પર રહે છે, ભીતર જઈ શકતો નથી.

તમે કંઈ પણ કરો બધું ઉપર ઉપર જ રહેશે. તમારું કરવું કેટલું ક્ષુદ્ર છે. તમે કરશો શું ? માળાના મણકા ગણશો ? રામ રામ રટશો ? આ નહિ ખાઓ, આ નહિ પીઓ. આ વસ્ત્ર પહેરશો. આ નહિ પહેરો ! આ બધાંનો અર્થ કેટલો ? તમારા કરવાની સાર્થકતા કેટલી ? એનું ઊંડાણ કેટલું ? તમે કરશો શું ?

એટલે બે જ ઉપાય છે. ક્યાં તો તમે કંઈ ન કરો. નિષ્ક્રિય થઈ જાઓ. અકર્મમાં લીન થઈ જાઓ.



અથવા કરવું બધું એના પર છોડી દો. તમે માત્ર એના ઉપકરણ થઈ જાઓ. નિમિત્ત માત્ર !

તમે વાંસળી છો. એ વગાડી રહ્યો છે. એને જેમ વગાડવી હોય તેમ વગાડે. તું અવરોધ ઊભો ન કર આ સ્વર વગાડીશ, પેલો નહિ વગાડું. એમ વચ્ચે ઊભા થઈ અવરોધ પેદા ન કર. નિર્ણય એનો, કર્મ એનું ન તું કર્તા છે ન નિર્ણાયક !

તું કેવળ નિમિત્ત, સાધન-ઉપકરણ છે. પ્રયાસ-અહંકારથી નહિ, પ્રસાદથી અનુગ્રહથી પરમાત્મા પ્રગટ થાય છે.

**ડર :**

ભય-પીડા-આઘાત-ઈજાની આશંકાથી જાગતી એક પ્રકારની હતાશા. ડર મનને વિચલિત કરે છે.

એક સૂફીકથા છે. એક નહેર કે જેમાં પાણી ન હોતું એની પાસેના તંબૂમાં ત્રણ સાધકો રોકાઈ ગયા. નહેરમાં અચાનક ખોદાતાં પાણી ઉભરાયું. તંબૂ ડૂબવા લાગ્યો. સાધકોના ગળા સુધી પાણી આવી ગયું.

એક સાધક છલાંગ મારી, પાણીમાંથી બહાર આવી ગયો. બીજો પણ ડરનો માર્યો જેમ તેમ છલાંગ મારી બહાર આવી ત્રીજાના માથા પર પાણી આવી ગયું ને એ બેહોશ થઈ ગયો. એને માંડ માંડ બહાર ખેંચી શકાયો.

એણે હોશમાં આવતાં કહ્યું; જાન બચાવવી કે ખોઈ નાખવી એવો પ્રશ્ન જ નહોતો જાગ્યો. ત્યારે મન જ ન હતું. બધા વિચાર ખોવાઈ ગયા હતા. પાણીમાં ભીતર દર્શન થયું. બહારનો ભય વિસ્મૃત થયો. કોઈ સંકટ દેખાયું નહિ.

ડર, ભય, ચિંતા, સંતાપ-બધી પીડા પોતાને જ કારણે. એમાંથી બચવાનો ઉપાય જ ડૂબાડે છે.

તનિષ્કના એક રાજાને સ્વપ્ન આવ્યું. નિદ્રામાં એક 'કાળી છાયા'એ રાજાના ખભા પર હાથ મૂકી કહ્યું; 'તમારું મૃત્યુ કાલે ઠીક ચોક્કસ જગ્યાએ થશે.' રાજાએ વિદ્વાનોને બોલાવ્યા. તેમણે એક સ્વરે કહ્યું; 'તેજ ઘોડો લઈને અહીંથી નીકળી જાઓ.' રાજા પાસે સાંજ હતી, નીકળી પડ્યો.

રાજ્ય, પત્ની કુટુંબ જેને માટે જીવ્યો એ કશું યાદ ન રહ્યું. 'ભાગવું છે.' એ નિશ્ચયે ભૂખ-તરસ પણ ન લાગી. સેંકડો માઈલ પછી બગીચામાં બેઠો ત્યાં જ 'કાળી છાયા' આવી કહે : 'સવારથી તમારી પ્રતીક્ષા હતી. આ બગીચામાં જ તમારે મરવાનું હતું. ઠીક જગ્યા, ઠીક સમય !' જેનાથી દૂર નીકળ્યો, એની પાસે જ પહોંચી ગયો. ડર સત્યને જટીલ બનાવી ના છૂટકે સ્વીકારે છે ! કોઈ કહે કે, 'કૂદી જાઓ, ડરો નહિ, હું ઊભો છું. હું સંભાળી લઈશ.' જે તરવાનું શીખવાડે છે એ ભરોસો આપે છે–'હું ઊભો છું કહી. ગુરુ તમારા ડરને કાપે છે.'

ગુરુ ભગવાન નથી આપી શકતા, ભયને કાપી શકે છે. ભય કપાયો કે તમે ભગવાન થઈ ગયા !

ને...તરવાનું કદી ભૂલાતું નથી. પાણીમાં ઊતર્યા કે તરવાનું ચાલું...

પછી તો તરવૈયાને પણ તરવાની જરૂર નથી રહેતી. નદીમાં સૂઈ જાય છે, નદી એને સંભાળે છે !!

કારણ કે ભય છે જ નહિ, ભય જ ડૂબાડે છે, નદી નહિ !



નદી જીવતાને ડૂબાડે છે કેમકે જીવતાં જ ભયભીત હોય છે, મુડદાને ડુબાડતી નથી.

**ઈર્ષ્યા :**

બીજાનો ઉત્કર્ષ જોઈને બળવું. કેટલાક હિમાલય તરફ જોતા જ નથી ને રસ્તો બદલી નાંખે. કેમકે પોતાનાથી ઊંચાને જોવાથી અહંકાર ટકતો નથી.

બાકી કોઈને ભીતરી પ્રકાશ દેખાતાં, એની પાસે બેસી જઈ, દિવાલો ઓગાળી દઈએ, હૃદયને ખોલી દઈએ તો શાશ્વત સ્વર ગુંજતો સંભળાય.

જેમને અમૃત મળ્યું છે તેની પાસે આપણને પણ અમૃતનો અનુભવ મળે. મૃત્યુ પર તો અમૃતનો જ વિજય હોય !

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર-આ બધાંનું મૂળ છે અહંકાર. જ્યાં સુધી અહંકાર નષ્ટ ન થાય ત્યાં સુધી કંઈ પણ નષ્ટ નહિ થાય.

ઈર્ષ્યાથી એટલુ જ સમજજો કે તમે 'સ્વયં'ને ભૂલી જાઓ છો તમારો અંતર સાથેનો સંબંધ તૂટે છે. એટલે બીજાની પ્રગતિ, ઉત્કર્ષ, વાહ-વાહ તમને ઉત્તેજિત કરી મૂકે છે. તમે ભૂલી જાઓ છો કે તમે કોણ છો ? વિવેકહીન થઈ. ઉદ્વિગ્ન-વિક્ષિપ્ત થઈ જાઓ છો. સ્પર્ધા, તુલના, દ્વેષ, તિરસ્કાર, તુચ્છતાના ભાવોની નિમ્ન કોટિએ પહોંચી, અન્યની જ નહિ, પોતાની પણ નિર્ભત્સ્ના કરો છો.

**જડત્વ :**

નિષ્ક્રિયતા, બદલાવાની તૈયારી ન હોવી. પોતે ધારેલું-કલ્પેલું

કરતો રહે કામ કોઈ પરિણામ ન આવે તો પણ યાંત્રિક રીતે કર્યા કરે. ફોતરાં ખાંડે ને માને છે કે એમાંથી તેલ નીકળશે.

અજ્ઞાન, મૂઢતા, મૂર્છાનું આ પરિણામ છે. ચૈતન્ય-સચેતન વ્યાપાર નહિ, અચેતન ક્રિયાઓ !

ક્ષુદ્ર-ક્ષુલ્લક બાબતોમાં રચ્યાપચ્યા રહેવાની વૃત્તિ ધર્મનો પહેલો પાઠ 'પાખંડ'ને તોડો. જે તમે નથી જાણતા તે જબરદસ્તી પોતાના પર થોપો નહિ.

જીવનને બદલવાના બે વિકલ્પ છે :

(૧) આપણે  જીવન બદલીએ. તો જીવન આનંદ બની જાય.

(૨) આપણે જેવા છીએ તેવા હોવાને જ બદલીએ.

જ્યાં દુઃખ લાગવું જોઈએ ત્યાં આનંદ લાગે.

જીવનની વ્યવસ્થા એવી થઈ જાય કે જે અંદર આનંદ ઘટિત થવામાં સહયોગી બને.

સમગ્ર જીવનનો સ્વીકાર, ભૌતિકવાદી, સુખવાદી બહારના જીવનમાં અવસર શોધે જેનાથી અંદર આનંદના અંકુર ખીલી શકે.

પૂર્ણ સત્ય બધા વિરોધોને આત્મસાત્ કરી લે છે. ધર્મ અને વિજ્ઞાન, આત્મા અને શરીર, બહાર અને અંદર, પદાર્થ અને પરમાત્મા, જીવન અને મૃત્યુ. બધું 'પૂર્ણ સત્ય'માં સમાહિત થાય પૂર્ણ રૂપાંતરણ માટે-પૂર્ણ જીવનનો સ્વીકાર.

**નફરત :**

ટીકા-ગાળ-નિંદા. આપણે બહાર તીર છોડીએ છીએ,



નફરત-નિંદા આપણી સહજ આદત છે. જે વિક્ષિપ્ત છે, દુઃખી છે એ દોષ બીજાને આપે છે, પોતાને નહિ. બીજો જવાબદાર છે.

બીજા પર અધિકાર જમાવવાનો વિચાર તેઓ આપણા કરતાં હીન-ઉતરતા છે એ ભાવથી પેદા થાય છે. હકીકતમાં તેઓ ભયભીત છે, પોતાના પર વિશ્વાસ નથી.

પોતાના જીવનની સમસ્યાઓ માટે ઉત્તરદાયિત્વ પોતાનું છે. કોઈ તમને છેતરે, કપટ કરે. ત્યારે તેઓ હીન છે એવી લાગણી તમને તેમની નિંદા કરવા પ્રેરે છે. તમે વિક્ષિપ્ત થઈ જાઓ છો.

પણ તમે એમને બદલવાની કોશિશ કરવા કરતાં પોતાને જ બદલી નાખો.

તમે એક એવી સ્થિતિમાં આવી જાઓ કે દુનિયા તમારી સાથે ગમે તેવો વ્યવહાર કેમ ન કરે, તમને વિક્ષિપ્ત ન કરી શકે.

સંસાર ન તો સારો છે ન ખરાબ. આવશ્યકતા છે દોરંગા સંસાર પ્રત્યે જાગરૂક રહેવાની !

પોતાની આસપાસ, ચારે તરફના લોકો પ્રત્યે જાગરૂક રહો અને સ્વયં પણ પોતાના પ્રત્યે જાગરૂક રહો.

સ્વયં સચેત રહો, આંતરિક કેન્દ્ર પ્રત્યે સજગ રહો. નફરત-ટીકા-નિંદા દ્વન્દ્વ, કલહ, કષ્ટ છે. એ નરક છે. સ્વર્ગ-સ્વમાં સ્થિર થવું એ જ છે.

**પશ્ચાત્તાપ :**

કંઈક ખોટું કર્યાની બળતરા, અપરાધભાવ.

તમને એમ લાગે કે હું વ્યર્થ જીવન જીવી રહ્યો છું ઘાણીના

બળદની જેમ ચક્કર લગાવી રહ્યો છું. તો હવે શાંત બેસીને વિચારીએ. પુનર્નિરીક્ષણ કરી લઈએ કે અત્યાર સુધી જે કર્યું તેમાં શું સાર હતો ?

જ્યારે પૂરું જીવન વ્યર્થ લાગે, સમજ વિક્ષિપ્તતા લાગે ત્યારે અચાનક ગભરાઈ જવાય. પણ ગભરાવા કરતાં સમજી લો કે સવાર નજીક છે.

જે હતું તે વ્યર્થ હતું. પણ એમ ના માનતા કે બધું વ્યર્થ છે. સાર્થક પણ છે. આ શુભ મુહૂર્ત છે, પરમાત્માનો અહોભાવ માનો કે, વ્યર્થ હતું તે દેખાડી દીધું. હવે સાર્થક પણ પ્રગટ થઈ શકશે.

ધર્મ ૨૪ કલાકની સાધના છે. અખંડ ચિત્તની દશા છે. ખંડિત નહિ કે અર્ધો કલાક મંદિરમાં જવાથી ધાર્મિક થઈ જવાશે.

જેણે ધાર્મિક થવું છે તેણે પોતાની 'ચિત્તદશાની ધારા' બદલવા તૈયાર રહેવું પડશે.

એક એક ક્ષણ સજગ રહીને મનને બદલવું પડશે. જીવનમાં જે પણ કરો એ શાંત, જાગરૂક ચિત્તથી કરવા લાગો તો ધર્મનું આગમન થઈ જશે.

માણસ જીવનને બરાબર જુએ, જાણે, સમજે તો જે જે ખરાબ છે તે જોઈ શકે છે. જે જે દુઃખ છે, અશાંતિ છે તે જીવનની ખોટી દૃષ્ટિને કારણે છે. એ સમજે તો-'સમ્યક્ દૃષ્ટિકોણ'થી સમ્યક્ દર્શન નિરંતર થયા કરશે. જે અંદર છે, છુપાયેલ છે તે પ્રકટ થવા લાગે છે, દરેક ખરાબ ઘટનામાં પણ 'શુભ સંકેત' !

**—સંકલન**



## ॥ કામના માત્રનું મૂળ : 'અહંકાર' ॥

આપણી કામના હંમેશાં આગળ ને આગળ દોડતી જ રહે છે. ક્રોધ, મોહ, લોભ બધું એની ઉપ-ઉત્પત્તિ-by product છે.

તેથી કામ-ક્રોધ-મોહ-મત્સર-લોભ સામે સીધા લડવાને બદલે જ્યારે પણ લડવું પડે ત્યારે મૂળ સાથે જ લડજો. ડાળ-પાંદડાં સાથે નહિ.

કામનાનો નાશ થવાથી ક્રોધ, મોહ, લોભ આપોઆપ ક્ષીણ થવા લાગે છે.

અને ત્યારે ચિત્તની એક એવી સ્થિતિ નિર્માય છે કે, તમે જ્યાં હો ત્યાં 'પરિપૂર્ણપણે' હો છો. તમે ત્યારે જેવા હો છો તેવા 'પરમ તૃપ્ત' હો છો.

અને આ સ્થિતિમાં પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતાભાવ. અહોભાવ જન્મે છે.

અન્યમાં હજારો ભૂલો; હજારો ઊણપો દેખાય છતાં પ્રેમ પૂરેપૂરો રહે છે. કેમકે, કોઈ મનુષ્ય પૂર્ણ નથી, એનો સ્વીકાર !

સ્વયંને પણ ક્ષમા કરો. કારણ કે સ્વયંના અંતરમાં પણ તે 'પરમાત્મા' જ બિરાજે છે.

સ્વયંને ક્ષમા કરો-એક વાર, બે વાર, હજાર વાર ! તમે જેવા છો તેવા જ પરમાત્માએ તમને ઇચ્છ્યા છે માટે તેનો સ્વીકાર કરો.

તમે પરમાત્માને કહી દો-હવે તારી મરજી હોય તેમ જ ભલે થાય.

પરમ સ્વીકાર ! આંત્યતિક સ્વીકાર !

ભૂલ કરવાથી ગભરાતા નહિ. અનુભવને ઉપલબ્ધ કરો.

ભૂલ તો કરો, પરંતુ એક જ ભૂલ ફરીથી ન કરો.

પરમાત્મા ક્રોધ આપે તો સમજો ઊર્જા આપે છે. એનો સ્વીકાર કરીને, સમજીને તમે અનુભવશો કે આ જ ઊર્જા ક્ષમા બની ગઈ. ક્રોધ, કરુણા બની જાય છે.

—સ્વીકારનો કીમિયો !

સ્વીકારની શાંતિમાં જ સમજનો દીવો પ્રગટે છે.

બધી સમસ્યાઓના ઉપાયનું સૂત્ર છે-સાક્ષી ! તમે સમસ્યાઓને ઉકેલવાના ઉપાય ન કરો. સમસ્યાની પાછળ ઊભા રહી જાઓ, તમે તો બસ જોતા જ રહો.

વૃક્ષ પર નહિ, મૂળ પર જ ઘા કરજો. —અહંકાર !

જે મૂળ પ્રત્યે, અહંકાર પ્રત્યે જાગ્રત બને છે તે સમસ્યા નિવારણમાં વિજયી બને છે.

તમે દૂર ઊભા રહીને, દ્રષ્ટા બની રહો. કોઈ પસંદગી ન કરો.

ક્રોધ છે, મોહ છે, લોભ છે-બરાબર ! તેને તેમ જ રહેવા દો. તમે તો દૂર ઊભા રહીને 'ક્રોધને જોનારા' બની ગયા !

તમે ચકિત થઈ જશો, તમે ધન્યભાવથી પુલકિત થઈ જશો.

ક્રોધ ધ્યાનપૂર્વક જોશો તો તે વિલીન થઈ જાવા લાગશે. જોતજોતામાં ક્રોધનો ધુમાડો વીખરાવા લાગશે.

ક્રોધ, લોભ, મોહ-બધી બીમારી નષ્ટ થશે તો મને પ્રભુનાં દર્શન થશે.



એમ નહિ-'પ્રભુનાં દર્શન થાય તો આ બધી બીમારીઓ નષ્ટ થાય. જે રીતે સૂરજના ઉદય સાથે ઝાકળબિંદુઓ તિરોહિત થાય છે.'

મુખ્ય મુદ્દો છે 'જાગૃતિનો, બોધના ઉદયનો !'

તેથી પ્રાર્થના કરો, ધ્યાન કરો, સાધના કરો. કામવાસના છોડો, ક્રોધ છોડો, મોહ છોડો, લોભ છોડો-એમ સંતો કહે છે. સમાજ-ઘરસંસારથી અલગ ન કરે. બધી જંજાળમાં રહેવા દે. છતાં, તેના-બોધના ઉદય માટે એક જ ઉપાય દર્શાવે : આપણે શાંત ચિત્ત, શૂન્ય ચિત્ત, વિચારશૂન્ય થઈ જઈએ. અહંકારરહિત થઈએ.

આમ થતાં જ સ્થાન રિક્ત-ખાલી થઈ ગયું ! બસ ! આપણે આટલું જ કરી શકીએ. અન્યથા આપણા સામર્થ્યમાં નથી.

'સ્વ'ને પગથિયા પર મૂકી દેશો કે મંદિરમાં પ્રવેશ શક્ય બનશે. એ મંદિરનું નામ છે : 'રસોવૈસઃ' —ત્યાં ન સ્વ છે ન પર છે. ત્યાં માત્ર એક જ છે.

ટૂંકમાં, તમે જેવા છો, તેવાં જ સુંદર છો. હવે 'ચૈતન્યની સ્થિતિ' જ એવી છે જ્યાં ક્રોધ જન્મતો જ નથી.

આત્મવિશ્લેષણ પણ કરવાની જરૂર નથી. માત્ર 'આત્મ-જાગરણ' !

આ પ્રકૃતિની નર્તકી નર્તન ત્યાં સુધી જ ઠરશે. જ્યાં સુધી તમે તેના પર ધ્યાન આપો, લક્ષ આપો !

તમે સંત થઈ જાઓ, તમારા દ્વારા 'શુભ કર્મ' થવા માંડશે.

**—સંકલન**

## ॥ 'મા' દુર્ગાનાં ત્રણ સ્વરૂપો ॥

**કાલી :**

જે લોકો શક્તિની, તાકાતની, શરીરની અમરતાની ઇચ્છા કરે છે તેઓ સ્ત્રી પ્રકૃતિનાં ધરતીતત્ત્વ-તમસ્‌ની પૂજા કરે છે. તે કાલિમા !

**લક્ષ્મી :**

જે ધન દોલત-ઝુનુન, ભૌતિક તત્ત્વની-રજસ્‌ની પૂજા કરે છે તે લક્ષ્મી 'મા' !

**સરસ્વતી :**

જે જ્ઞાન-બોધની પરે જઈ, શરીરની અમરતા નહિ, નશ્વરતાની પરે જઈ, સત્ત્વતત્ત્વની આકાંક્ષા રાખે છે. એનું પ્રતીક સરસ્વતી છે.

આ ત્રણે એક એક કરીને આવશે એવી વ્યવસ્થા. તમસ્‌-રજસ્‌-સત્ત્વ ત્રણેનાં ચક્રો સાથે અનુકૂલન સાધી, પ્રયાસ કરી, પરમાત્માની, 'પ્રાણપ્રતિષ્ઠા' કરવી પડશે, જેથી તેની 'સ્થિર પ્રતીતિ' રહે.

દેવીના ત્રણે આયામો અસ્તિત્વના પોષણ માટે જરૂરી જીવન-મૃત્યુની જાળમાં ફસાયેલો જીવ એનાથી પરે જવા મથે છે.

અમાસ શાનદાર પ્રતીક ! ઊર્જાના સ્તર પર ક્રમશઃ નિષ્ક્રિયતા..સક્રિયતાનો સંચાર.

ચૈત્ર મહિનામાં વધુ શક્તિશાળી, સ્પષ્ટ. જે સતત સાધના રત છે તેમને માટે ફેર નથી પડતો. પણ બાકીના લોકો માટે



મહત્ત્વપૂર્ણ ત્રણ અવસ્થાઓ છે :

(૧) સ્થિતિ : ગર્ભમાં તમસ્‌ ચિરનિદ્રા પણ વિકાસ થયા કરે છે.

(૨) ગતિ : બહાર આવતાં રજસ્‌ની આવશ્યકતા ગતિશીલતા

(૩) પ્રગતિ : સત્ત્વ સિદ્ધ કરવાનું.

ઊર્જાશક્તિથી નકારાત્મકતા દૂર કરી, વિધેયાત્મક ગુણવત્તા સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફ, ક્ષણભંગુરતાથી શાશ્વતી તરફ રાવણદહન, અજ્ઞાનદહન, અહંકારદહન ! ઈન્દ્રિયજન્ય સુખો, બાહ્ય, ભૌતિક સુખો બાળી નાંખીએ આત્માનો પ્રકાશ થાય.

—સંકલન

## ॥ દુર્ગાની નામમાળા ॥

**(સર્વ ભયમાંથી મુક્તિ આપનાર)**

**(૧) દુર્ગા (૨) દુર્ગાર્તિશમની (૩) દુર્ગાપદ્વિનિવારિણી (૪) દુર્ગમચ્છેદિની (૫) દુર્ગસાધિની (૬) દુર્ગનાશિની (૭) દુર્ગતોદ્ધારિણી (૮) દુર્ગનિહન્ત્રી (૯) દુર્ગમાપહા (૧૦) દુર્ગમજ્ઞાનદા (૧૧) દુર્ગદૈત્યલોકદવાનલા (૧૨) દુર્ગમા (૧૩) દુર્ગમાલોકા (૧૪) દુર્ગમાત્મસ્વરૂપિણી (૧૫) દુર્ગમાર્ગપ્રદા (૧૬) દુર્ગમવિદ્યા (૧૭) દુર્ગમાશ્રિતા (૧૮) દુર્ગમજ્ઞાનસંસ્થાના (૧૯) દુર્ગમધ્યાનભાસિની (૨૦) દુર્ગમોહા (૨૧) દુર્ગમગા (૨૨) દુર્ગમાર્થસ્વરુપિણી (૨૩) દુર્ગમાસુરસંહન્ત્રી (૨૪) દુર્ગમાયુધધારિણી (૨૫) દુર્ગમાંગી (૨૬) દુર્ગમતા (૨૭) દુર્ગમ્યા (૨૮) દુર્ગમેશ્વરી (૨૯) દુર્ગભીમા (૩૦) દુર્ગભામા (૩૧) દુર્ગભા (૩૨) દુર્ગદારિણી.**

—(ચંડીપાઠ) શ્રી યોગેશ્વરજી

## ॥ 'મા' દુર્ગાના નવ અવતાર ॥

### ૧. શૈલપુત્રી (રંગ-કેસરી, સ્ફૂર્તિ-સુખાકારીનું પ્રતીક)

'નવરાત્રિ'ના પહેલા દિવસે : 'શૈલપુત્રી'નો મહિમા કરાય છે. આ દિવસે 'મા' શૈલપુત્રી-હિમાલયપુત્રીની પૂજા કરવામાં આવે છે. તેમનું વાહન બળદ છે. તેમના ડાબા હાથમાં કમલનું ફૂલ ને જમણા હાથમાં ત્રિશૂલ હોય છે.

પૂર્વાવતારમાં બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિની પુત્રી સતી હતાં. પિતાની ઈચ્છા તેમને શિવ સાથે પરણાવવાની નહોતી. પિતાએ આયોજિત કરેલા યજ્ઞની જ્વાળાઓમાં સતી હોમાઈ ગયાં.

બીજા અવતારમાં 'મા' દુર્ગાએ હિમાલયપુત્રી તરીકે જન્મ લીધો અને કઠોર તપશ્ચર્યાથી શિવજીનાં દિવ્ય પત્ની બન્યાં.

આ શૈલપુત્રી પાર્વતીનો જ અવતાર છે. તેઓ હિમાવતી તરીકે પણ ઓળખાય છે.

આ દિવસે ભોગ 'ગાયના ઘી'નો ધરવામાં આવે છે. જે આરોગ્ય માટે લાભકર્તા છે.

'કુમારસંભવમ્' 'મા' કવિવર કાલિદાસ કહે છે તેમ; જ્યારે શિવજીએ પાર્વતીને કહ્યું; 'આજથી હું તારા તપથી ખરીદાયેલ તારો દાસ છું.' ત્યારે પાર્વતીજી સ્ત્રી સહજ લજ્જા અને તપોસિદ્ધ આત્મગૌરવથી એવાં અભિભૂત થઈ ગયાં કે એમની સ્થિતિ 'શૈલાધિરાજતનયા ન યયૌ ન તસ્થા' જેવી થઈ. અર્થાત્ એ ત્યાં ઊભાં પણ ન રહી શક્યાં ને ત્યાંથી જઈ પણ ન શક્યાં. શિવજી બાહ્ય સુંદરતાથી નહિ, આંતર સૌન્દર્યથી પ્રાપ્ત થાય છે.

બુદ્ધિ એમ કહે છે આ જ શિવજીએ મારા સૌંદર્યનો અનાદર કરી, કામને બાળી નાખ્યો હતો; પણ હૃદય કહે છે, એમને



પામવા તો તે આટલી કઠોર તપશ્ચર્યા કરી !

### ૨. બ્રહ્મચારિણી (રંગ-શ્વેત પવિત્રતા શાંતિનું પ્રતીક)

નવરાત્રિના દ્વિતીય દિને દુર્ગાનાં બ્રહ્મચારિણીરૂપનો મહિમા છે.

'બ્રહ્મ' એટલે તપ. 'ચારિણી' એટલે તપશ્ચર્યાને આચરણમાં મૂકનારી દેવી.

એમના જમણા હાથમાં જપમાલા છે, ડાબા હાથમાં કમંડલ છે.

આ માતાએ બ્રહ્મજ્ઞાન જાણી લીધું હોવાથી પોતાના ભક્તોને તે સર્વોચ્ચજ્ઞાનનું પ્રદાન કરે છે.

દેવર્ષિ નારદજીની સલાહથી બ્રહ્મચારિણી માતાએ શિવજીને પ્રાપ્ત કરવા કૃતસંકલ્પ બની કઠોર તપશ્ચર્યા આદરેલી, તપ અને તપશ્ચર્યાનું મૂર્તિમંત સ્વરૂપ આ 'મા' 'અતિ શક્તિમંત' મનાય છે.

આ માતાને 'સાકરનો ભોગ'નું માહાત્મ્ય છે, જે ચિરાયુ અર્પે છે.

### ૩. ચન્દ્રઘંટા (રંગ-લાલ, સૌંદર્ય, અભયનું પ્રતીક)

દુર્ગામાતાનું ત્રીજું સ્વરૂપ છે : ચન્દ્રઘંટા જેમના લલાટે ઘંટ જેવા આકારની ચંદ્રલેખા છે. ચંદ્ર એટલે ચંદ્રની રોશની, પરમ શાંતિ પ્રદાન કરનાર 'મા'નું રૂપ !

એમનું વાહન 'સિંહ' છે. એ 'દસભુજાધારિણી' છે. ખડ્ગ, બાંડ, ત્રિશૂલ, પદ્મ એમના હાથોમાં હોય છે.

આ ચન્દ્રઘંટાની પૂજા-આરાધનાથી પાપ-મુશ્કેલીઓ દૂર થાય છે. એમની ઘંટીઓના ભયાનક અવાજથી રાક્ષસો ભાગી જાય છે.

કથાસંદર્ભ છે : શિવ પાર્વતીના તપથી પ્રસન્ન થઈ, એને વરવા તૈયાર તો થયા. કિન્તુ લગ્નને દિવસે વિચિત્ર વરઘોડા સાથે ભયજનક સ્વરૂપમાં શિવજી નીકળે છે. શરીરે ભભૂતિ ચોળી છે, ગળે સર્પો લટકે છે, માથે જટાનાં ગૂંચળાં છે. ને જાનમાં ભૂતો, ગણો, અઘોરીઓ તેમજ એ વિચિત્રવેશધારી સાધુઓ છે.

આ માતાને 'દૂધનો ભોગ' ધરાવવામાં આવે છે, જેનાથી ઐશ્વર્યમાં વૃદ્ધિ થાય છે.

**૪. કુષ્માંડા (રંગ : ખુલ્લો ભૂરો, તંદુરસ્તી, ધનનું પ્રતીક)**

'મા' દુર્ગાનું ચોથું રૂપ છે.

જ્યારે પૃથ્વી પર બીજું કશું જ નહોતું. સર્વત્ર અંધકાર જ અંધકાર હતો ત્યારે માતા કુષ્માંડાએ સૃષ્ટિને જન્મ આપ્યો. એ સમયે એમનો વાસ સૂર્યલોકમાં હતો.

આ માતા 'અષ્ટભુજાદેવી' છે. એમનું વાહન સિંહ છે. એમના હાથોમાં કમંડલ, ચક્ર, કમળનું ફૂલ, અમૃતકુંભ અને જપમાળા હોય છે.

આ માતા 'શુદ્ધતાની દેવી' હોવાથી એમની પૂજા કરવાથી બધા રોગો, દુઃખ-કષ્ટ દૂર થાય છે.

આ માતાને 'માલપુઆનો ભોગ' ધરાવાય છે. જે મનોબળ તેમજ બુદ્ધિને વધારનારો છે.

**૫. સ્કંદમાતા (પીળો રંગ : સુખ, તેજસ્વીતાનું પ્રતીક)**

'મા' દુર્ગાનું પાંચમું રૂપ 'સ્કંદમાતા' છે.

દેવતાઓને અસુરો સાથેના યુદ્ધમાં એક માર્ગદર્શક નેતાની જરૂર પડી. ત્યારે શિવ-પાર્વતીના પુત્ર સ્કંદ દેવતાઓના નેતા બન્યા. એમનું વાહન સિંહ છે.



આ 'ચતુર્ભુજા' માતા ઉપરના હાથમાં કમલનું ફૂલ ધારે છે. નીચેના એક હાથથી વરદાન આપે છે તો બીજા હાથથી સ્કંદને પકડી રાખે છે.

બાળકને ભયનો સામનો કરવામાં આવે ત્યારે પોતાનામાં બળ-ઊર્જા સંક્રાન્ત કરવા 'સ્કંદમાતા'ની પૂજા-આરાધના કરવામાં આવે છે.

આ માતા ભક્તોની સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરે છે, ને ઘરમાં સુખ-શાંતિ-સમૃદ્ધિ લાવે છે.

આ માતાને 'કેળાનો ભોગ' ધરાવાય છે. જે બુદ્ધિનો વિકાસ કરે છે.

**૬. કાત્યાયની (લીલો રંગ : નવા પ્રારંભ-વિકાસ માટે સૂચક)**

આ દુર્ગા માતાનું છઠ્ઠું રૂપ છે. 'યોદ્ધા દેવી' તરીકે ઓળખાતું આ 'મા'નું રૂપ હિંસક છે.

મહર્ષિ કાત્યાયન એ પહેલી વ્યક્તિ હતી જેમણે ત્રિમૂર્તિએ પ્રગટ કરેલી 'દુર્ગા માતા'ની પહેલી પૂજા કરી હતી. તેથી તેઓશ્રી 'કાત્યાયની' કહેવાયાં.

આ માતા ચતુર્ભુજા છે. ઉપરના જમણો હાથ અભયની મુદ્રામાં છે, નીચેના જમણા હાથમાં આશીર્વાદની મુદ્રા છે. ડાબે હાથે તલવાર ને નીચલા હાથમાં કમળનું ફૂલ છે.

આ માતાની પૂજા-આરાધના કરવાથી લગ્નજીવનમાં શાંતિ-સંવાદિતા સ્થપાય છે. આ માતાને ધરાવેલો 'મધનો ભોગ' સૌંદર્યપ્રાપ્તિ અર્થે છે.

**૭. કાલરાત્રિ (રંગ ભૂખરો પરિવર્તન-રૂપાંતર માટેની શક્તિ)**

આ માતાનું સાતમું રૂપ છે. 'મા' દુર્ગાનું અતિ વિકરાળરૂપ 'કાલરાત્રિ' એટલે 'અંધકારની વિનાશકારી રાત્રિ' આ માતાનો

ચહેરો કાળો છે. વાળ વિખરાયેલા ઊડતા હોય છે. શરીર અગ્નિ જેવું તેજસ્વી !

વાહન ગદર્ભ છે. ઉપરનો જમણો હાથ આશીર્વાદ અને નીચેનો અભયની મુદ્રામાં છે ઉપરના ડાબા હાથમાં ગદા છે, નીચેના હાથમાં લોખંડની કટાર !

આ 'મા'નું રૂપ અતિ ભયાનક છે. કેમકે અસુરો શુંભ-નિશુંભને હણવા પાર્વતીએ પોતાની સુંદર ચામડી ઉતરડી નાખેલી !

આ માતાની પૂજા કરવાથી સાપ, નાગ, વાઘ, સિંહ ભયાનક જાનવરોના ભયમાંથી મુક્તિ મળે છે.

આ 'ભયાંકરી' તરીકે ઓળખાતી માતા પોતાના ભક્તોને હંમેશાં સહાય કરવા તત્પર રહે છે.

આ માતાને 'ગોળમાંથી બનાવેલ ભોગ' અર્પણ કરાય છે, જે શોકમુક્તિદાતા છે.

**૮. મહાગૌરી (રંગ આછો જાંબુડી, ઉત્સાહ, બુદ્ધિ, શાંતિનું પ્રતીક)**

આ 'મા'નું આઠમું રૂપ છે. જે 'શ્વેતાંબરધારા' તરીકે પણ ઓળખાય છે.

કથા કહે છે : દેવી પાર્વતી શ્યામરંગી હોવાથી શિવજી તેમને 'કાલિ' કહી સંબોધતા.

હવે ખરેખર તો શિવજી માટે આકરી તપશ્ચર્યા કરવાથી પાર્વતી સુકાઈને કાળા થઈ ગયાં હતાં. એ જાણતાં શિવજીએ પ્રસન્ન થઈ, ગંગાજળનો તેમના પર અભિષેક કરીને 'ગૌર રંગ' આપ્યો ત્યારથી તેઓશ્રી 'મહાગૌરી' કહેવાયાં.

એમનું વાહન બળદ છે. ઉપલો જમણો હાથ આશીર્વાદની મુદ્રામાં, નીચલા હાથમાં ત્રિશૂલ છે. ઉપરના ડાબા હાથમાં ડમરૂ



ને નીચેનો હાથ અભયની મુદ્રામાં છે.

આ માતાની પૂજા-આરાધના કરનાર ભક્તોની 'ભ્રમમુક્તિ' થાય છે.

આ દુર્ગાનું અત્યંત સુંદર, તેજસ્વીરૂપ છે. જે આત્માને શુદ્ધ કરી, સર્વ પાપો દૂર કરે છે.

આ માતા 'શાંતિદાયિની' છે. એમની એક calming effect છે.

આ 'મા'ને 'નારિયેળનો ભોગ' ધરાવાય છે. જેનાથી 'બધી ઈચ્છાઓની પૂર્તિ' થાય છે.

**૯. સિદ્ધિદાત્રી (રંગ : મોરપિચ્છ લીલો, ભક્તોની ઈચ્છા પરિપૂર્ણ કરનાર)**

માતા દુર્ગાનું આ નવમું રૂપ 'સિદ્ધિદાત્રી' છે. કેમકે તે સર્વ સિદ્ધિ પ્રદાન કરનારાં છે.

આ માતાની કૃપાથી જ શિવજીને અર્ધનારીશ્વરનું રૂપ મળ્યું હતું.

તેમનું વાહન સિંહ છે, આસન કમલ છે. તેમના ઉપરના જમણા હાથમાં ગદા છે, નીચલા હાથમાં ચક્ર છે. ઉપરના ડાબા હાથમાં કમલ ને નીચલા હાથમાં શંખ છે.

લાલ રંગની ચૂંદડી ધારણ કરી, સિંહ પર સવાર આ 'મા' આશુતોષા છે.

ભક્તોની સર્વ મનોકામનાઓ પૂર્ણ કરનાર આ માતા 'મહાલક્ષ્મી' તેમજ 'મહાનવમી' તરીકે પણ ઓળખાય છે.,

આ માતાને 'હલવા-પુરી-ખીર'નો ભોગ ધરાવવામાં આવે છે. જે જીવનમાં સુખશાંતિનો સૂચક છે.

**—સંકલન**

## ॥ નવરાત્રિનો 'સ્વર્ગારોહણ'માં વિશેષ મહિમા ॥

### (એક પરમ તત્ત્વનાં બે સ્વરૂપ)

### પૂજ્યશ્રી યોગેશ્વરજી

### પૂજ્યશ્રી 'મા' સર્વેશ્વરી

### (૧) યોગેશ્વરજીના અસ્તિત્વમાં જગદંબાનો આવિર્ભાવ

કહેવાય છે કે, 'અધ્યાત્મનો સૂર્ય કોઈ જુદા જ આકાશમાં ઝળહળતો હોય છે. એને નથી ઉદય, નથી અસ્ત. એ સૂર્યનું તેજ કોઈ 'જુદેરો મુલક' જ બતાવે છે. જ્યાં પહોંચવા યુગોના યુગો ઓછા પડે.' આવા મહિમાવંત છે, અધ્યાત્મના પર્યાય એવા આપણા પરમ વંદનીય ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજી.

તેઓશ્રી માટે જીવન અચેતન વ્યાપાર નહિ, સચેતન પ્રક્રિયા બન્યું. એટલે જીવનની બહિર્ઘટનાઓમાં વ્યસ્ત રહેવાને બદલે એની આંતરઘટનાને ઓળખી કાઢી, પોતાના અસ્તિત્વને 'દઢ સંકલ્પ'ની ધરી પર ખડું કરી દીધું.

જગદંબાદર્શન જ નહિ સ્વયં જગદંબાસ્વરૂપ થઈ જવાનો તેમનો નિર્ધાર, પ્રકાશના પંથે જવા કે રહેવાનો નહિ, સ્વયં પ્રકાશસ્વરૂપ થઈ જવાનો તેમનો સંકલ્પ સહજ જ તેમને ભોગાર્થી-સુખાર્થી ધર્માર્થી ન બનાવતાં 'આત્માર્થી' બનાવે છે. તેમના આવા આધ્યાત્મિક જીવનને જોઈ લોકો તેમને 'અવતારી પુરુષ' ગણે છે. પણ તેઓશ્રી વિનમ્રભાવે કહે છે : 'સાધારણ માણસની જેમ મેં પણ મુસીબતો-વેદના વેઠી છે. સાચા માનવ બનીને, ઈશ્વરની કૃપા મેળવીને, 'પરિપૂર્ણતાના શિખર' પર પ્રતિષ્ઠિત થવાના પ્રયાસો મેં કર્યા છે.'



### ॥ પૂજ્યશ્રી યોગેશ્વરજીની ભાવાવસ્થા ॥

### (૧૪ વર્ષની વયે સંકલ્પ)

અત્ર-તત્ર સર્વત્ર 'મા' જગદંબા હોવાની અનુભૂતિ રામકૃષ્ણનું જીવન વાંચ્યા પછી મને થયું કે તેમની જેમ મને ઈશ્વરને 'મા'રૂપે ભજવાનું જ ગમશે. તે ભાવ વારસામાં મળ્યો હશે. ઈશ્વરને જગદંબા માનીને પ્રાર્થના કરવા લાગ્યો.

ઈશ્વર સંસારની માતા છે ને હું તેનો બાળક છું તે બધે જ હાજર છે. પ્રાર્થનાની દશામાં કલાકો જતા. ઉષા-સંધ્યાના જુદા જુદા રંગોમાં તેની જ સુંદરતાની ઝાંખી !

પ્રેમની એ દશા વધતી જ ગઈ. પત્રે પત્રે, વિટપે વિટપે, 'મા' જ છે એમ લાગવા માંડ્યું. દરિયાના તરંગોમાં એનો આશ્લેષ ! રેતી, ફૂલ, પતંગિયાં, પંખીની સુરાવલિમાં 'મા' ! રસ્તે મળતી સ્ત્રીમાં 'મા'ની પ્રકટ પ્રતિમા 'મા'ની મનોમન પ્રણામ કરવાની ટેવ. રાત્રે સૂતી વખતે 'મા'ના ખોળામાં માથું મૂકતો હોઉં એમ ઉશીકા પર માથું મૂકું.

જડચેતન સર્વમાં 'મા'ના સુંદર સ્વરૂપની ઝાંખી. નદી જેમ સાગર તરફ, વરાળ જેમ કોઈની ભલામણ વિના સહજ ગગન તરફ, તેમ મારું મન જગદંબાને મળવાના મનોરથ કર્યા કરતું.

આવી ભાવાવસ્થામાં 'એક સ્વપ્ન' સાપનું આવ્યું, એણે કહ્યું; 'તમે એક મહાન પુરુષ થશો.'

બીજા સ્વપ્નમાં સરસ્વતીદર્શન થયું. વાદળો પર સુંદર મેઘધનુ છે. તેના ઉપર જગદંબા માતા સરસ્વતી સફેદ વસ્ત્રો ધારણ કરી, લાંબા ખુલ્લા વાળ, હાથમાં વીણા લઈ, સુંદર

ગૌરવવર્ણના સ્વરૂપે પધારે છે.

શાસ્ત્રો કહે છે : મહાકાળી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી એક જ જગદંબાનાં ત્રણ શક્તિસ્વરૂપો છે.

આ સ્વપ્નદર્શનથી 'મા'નો સાક્ષાત્કાર કરવાની મારી ભાવનાને બળ મળ્યું.

જગદંબા માટેની અંતરની 'તીવ્ર વ્યાકુળતા' જ મુખ્ય સહાયક બને છે.

જગદંબાને મેળવવા દિવસોના દિવસો, મહિનાઓના મહિનાઓ, વરસોનાં વરસો.

સર્વ સમયે, સર્વ અવસ્થાઓમાં-સૂતાં, જાગતાં, સ્વપ્નમાં, બેસતાં, ઊઠતાં, હરતાં-ફરતાં, સર્વ કાર્યોના આરંભ-મધ્ય-અંતમાં, જગદંબા માટે એક 'તીવ્ર તડપન' જાગૃત રહે છે.

સંસારનાં સર્વ સુખદુઃખ, એશારામ, આડંબર, મોહ-તૃષ્ણા કશામાં હૃદય 'એને વિસારે પાડતું નથી.'

એક જ 'અભીપ્સા'માં તન્મય રહે છે.

પ્રભુચિંતનમાં મગ્ન ચિત્તની 'અનાસક્તિ' દૃઢમૂળ થાય છે. ધ્યાન-મૌન-એકાગ્રતા-ઉપવાસો-એકાંત-મન્ત્રજપ-સિદ્ધોનો સત્સંગ ઈત્યાદિથી 'તન-મનની સંપૂર્ણ શુદ્ધિ' થતાં 'સંસારનાં સર્વ બંધનો તૂટી જાય છે.' ને 'અખંડ સત્તાનો પ્રકાશ' આ 'પરિપક્વ સાધનાથી' સધાય છે.

જે કંઈ જગતમાં છે એ બધું જ પોતાના 'સ્વ-રૂપ'માં ભળી જાય છે. છેવટે જેમ જગદંબા એકમેવ અદ્વિતીય, પણ સર્વવ્યાપી



તેમ શ્રી યોગેશ્વરજીને પણ 'એક મેવાદ્વિતીય'ની સત્તા મળી. સંપૂર્ણ અદ્વૈત, અભેદ, અખંડ સત્તાની અનુભૂતિ ! —આ અવસ્થા સમગ્ર વિશ્વ માટે સર્વમંગલકારી !

પૂ.શ્રી'મા' સર્વેશ્વરી કહે છે તેમ; શ્રી યોગેશ્વરજીનું જીવન સામાન્ય સાધકમાંથી સિદ્ધ યોગીમાં રૂપાંતર પામવાની આધ્યાત્મિક મંગલકથા છે. સરોડાના એ નાનકડા બાળે પ્રવાસ શરૂ કર્યો એ 'બાળ' મટી 'બ્રહ્મચારી' કહેવાયો. તેનો પ્રવાસ પુણ્યપ્રવાસ કહેવાયો. એ પુણ્યપ્રવાસી મહાયાત્રી બની એક ધન્ય ક્ષણે 'પૂર્ણયાત્રી' કહેવાયો.

ઈ.સ.૧૯૬૦માં શ્રી યોગેશ્વરજીના સાધનાત્મક જીવનમાં એક અસાધારણ અવસર આવી પહોંચ્યો.

શ્રી યોગેશ્વરજી મુંબઈના વાલકેશ્વર પરના ખીમજી જીવા સેનેટોરિયમના વિશ્રામખંડમાં બેઠેલા ત્યારે જગદંબાનો સંસ્પર્શ જાગૃતિ દશામાં, સ્થૂળ ભૂમિકા પર થવા માંડ્યો અને એ પણ એક વિપળના વ્યવધાન વિના અખંડ !

એ અવસ્થા દરમિયાન પરમ ચેતનાનો સનાતન સંપર્ક અને એની સાથેનો ઈચ્છાનુસાર વાર્તાલાપ શક્ય બન્યો.

નોંધવા જેવી વાત એ છે કે, 'એ દૈવીશક્તિનું અવતરણ નહિ, દૈવીશક્તિનો આવિર્ભાવ હતો.'

એકવારની અતીન્દ્રિય અવસ્થા નહિ, ક્ષણેક્ષણની શાશ્વત સ્વાનુભૂતિ હતી.

૧. જગદંબાના એ અસાધારણ અનુગ્રહને લીધે અંતર ભાવવિભોર બનીને અશ્રુબિંદુરૂપે ટપકવા લાગ્યું.

૨. પરમાત્માના સ્થૂળ ભૂમિકા પરના એ અનુભવની અવસ્થા ત્યારથી 'નિત્ય નિરંતર' ચાલુ જ રહી.

૩. ધ્યાન, સમાધિ, જાગૃતિના ભેદ મટી ગયા.

૪. શરીર સંજીવનીથી સંપન્ન થયું, ચિન્મય થયું.

૫. એ અલૌકિક અનુભૂતિમાંથી કેટલીય અવનવી શક્તિઓનો આવિર્ભાવ થયો.

૬. ગમે તે આત્માનું આહ્વાન કરીને એની સાથે વાર્તાલાપ શક્ય બન્યો.

૭. ભૂત ભાવિના ભેદ સરળ બન્યા.

૮. જીવન જગદંબાના સીધા પવિત્ર પથ પ્રદર્શન પ્રમાણે-એની લીલારૂપે જ ચાલવા માંડ્યું.

૯. તન, મન, વચન, અંતર સઘળું એનો આધાર બન્યું.

૧૦. 'મા'ની વિરાટ વિભૂતિ ને મહાપુરુષો 'મારી દ્વારા' લેખનકાર્ય પણ કરવા માંડ્યા.

૧૧. 'મા'નું સતત સાંનિધ્ય સાંપડ્યું.

૧૨. 'મા'નું અખંડ, અનવરત અનુસંધાન મળ્યું.

★

**॥ 'મા' સર્વેશ્વરી કોણ છે ? ॥**

**(૧) શાસ્ત્ર વચન પ્રમાણે :** 'મા'નું આદિ સ્વરૂપ જ્યારે સૃષ્ટિની રચના પણ ન હતી થઈ ત્યારે 'સર્વની ઈશ્વરી' એવાં 'મા' સર્વેશ્વરી પ્રગટ્યાં.

મહાલક્ષ્મી, મહાસરસ્વતી ને મહાકાલીનાં ત્રણ રૂપોમાં વિભક્ત થયાં.



ને અનુક્રમે સંરચના-પાલન-સંહારના કારક બન્યાં. આ ત્રણ સ્વરૂપોની સાધના-આરાધના કરવાનો સરલ સહજ ઉપાય છે. મન-વાણી અને કર્મ શુદ્ધ રાખવાં.

૧. મનથી સુંદર, શુભ વિચારો જ પ્રગટે.

૨. વાણી દ્વારા કોઈને કષ્ટ થાય, અપ્રિય લાગે એવું કદી ના બોલવું.

૩. કર્મ દ્વારા સુંદર, સર્વપ્રિય, સર્વ કલ્યાણકારી થવા મથવું.

આ ત્રણેય દેવીઓની પ્રસન્નતા લક્ષ્ય રાખી. મન-વચન-કર્મથી જાગૃત રહી, દૈનિક જીવનમાં પણ ત્રણેની શુદ્ધિકરણથી 'મા' સર્વેશ્વરી પૂર્ણ પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે.

**(૨) પૂજ્યશ્રી યોગેશ્વરજીની દૃષ્ટિએ :**

૧. દક્ષિણેશ્વરની યાત્રા વખતે કાલીમાતાનાં દર્શન કરીને પાછા ફરતા ભક્તોને કહ્યું; 'દર્શન કર્યાં. ન કર્યાં હોય તો કરી લો. જે ત્યાં છે તે જ અહીં છે. એ બોલતાં નથી. આ બોલે છે.'

૨. 'મા' જગદંબા પોતે જ એમનું સ્વરૂપ ધારીને અણીને વખતે મારી સેવા માટે આવી પહોંચ્યાં.

૩. 'મા' ભગવતી, પરમાત્માની પરમ આહ્લાદિની શક્તિ પોતાની લીલાને માટે જ શ્રીવિગ્રહ ધારણ કરી, સ્વેચ્છા પ્રમાણે પ્રગટે છે.

૪. એને કર્મબંધન નથી નડતાં. એનું જીવનકાર્ય જુદું જ હોય છે.

૫. એ જેના પર અનુગ્રહ કરે છે એ ધન્ય બને છે.

૬. એ નારીરૂપે નારાયણી છે.

૭. 'મા' તમે તીર્થસ્વરૂપ છો, તીર્થો તમારા પરમ તીર્થરાજમાંથી પ્રગટ્યા છે.

૮. જેનો પૂર્વેનો પુણ્યોદય હશે એ જ અલ્પ પણ ઓળખશે, સમજશે, સન્માનશે. એ લાભન્વિત થશે.

૯. મારા જીવનમાં મેં જેમના અલૌકિક અનુગ્રહ માટે આકરી આરાધના કરેલી તે 'મા' જગદંબા પોતે જ એમનું સ્વરૂપ ધારીને અણીને વખતે મારી સેવા માટે આવી પહોંચ્યા.

૧૦. ભવિષ્યમાં 'મા' થકી અનેક જીવોનું કલ્યાણ થશે.

૧૧. અંબાજીમાં મંદિરમાં પ્રાર્થના કરેલી 'મા' માટે, અને 'મા' એ પૂજ્યશ્રી માટે કરેલી, બંનેની પ્રાર્થનાઓનો સમન્વય, 'મધુર અદ્વૈત'માં પરિણમ્યો.

(૩) **નિરહંકારી 'મા' લખે છે :** 'મા'માં કંઈ જ નથી. હજી ઘણું બધું કરવાનું બાકી છે. સંતોને-પૂજ્યશ્રીને પચાવવાના બાકી છે. મહર્ષિને વધાવવાના બાકી છે.

એકવાર સ્લેટમાં સ્પષ્ટ લખ્યું :

૧. 'છાશમાં માખણ રહે એમ 'મા'માં દિવ્ય અવસ્થા રહે છે. એ સ્તર પર જગત પ્રત્યે સહાનુભૂતિ અને કરુણા સતત વહે છે.'

૨. ક્ષમા અને પ્રેમ 'મા'ને નીચે રાખે છે.

૩. સમજુ સ્વજનો જ પૃથ્વી પર 'મા'ને રાખવા સહાયક થાય છે.

૪. પ્રેમાળ ભક્તો 'મા'ને જિવાડી રહ્યા હોય એમ લાગે છે.



૫. આ 'મા' છે, જેમને પૂજ્યશ્રીએ પ્રસાદમાં આપ્યાં છે એવો 'દિવ્ય તત્ત્વભાવ' જો ટકી જાય તો સાધકને સાધનાની જરૂર ન રહે.

૬. શ્રી હરિ ભક્તને સમર્પિત પણ ભક્તે વ્રતી થવું પડે.

૭. હવે પૂજ્યશ્રી પાસે વારેવારે દોડીને બધું કહેવાતું બંધ થઈ ગયું છે, અભેદ છે.

૮. 'મા' અખંડ આનંદમાં ઠેકડા માર્યા જ કરે છે. આનંદની એ અવસ્થા, એ જ મસ્તી સતત સવારે ઊઠતાંથી સાથે ને સૂતાં પણ એ જ અવસ્થા ! સ્મૃતિરૂપ નહિ, સહજ જ આનંદ ! બસ સહજ જ મસ્ત રહેવાય.

સૂક્ષ્મ સહજ અંતર્ધારા, જેનો રસ ભીતર જ રહે. એમાં સાતત્ય, અખંડિતતા, અવિચ્છિન્નતા. કોઈ ઉત્તેજના-આવેશ નહિ, સ્તબ્ધતા ને શૂન્યાવકાશ. ભીતરી, શાશ્વત નિજાનંદની મસ્તી : 'મેરે પિયા મૈં કુછ નહિ જાનું મૈં તો ચૂપચાપ ચાહ રહી.'

**—સંકલન**

વિશ્વેશ્વરી ! તમે વિશ્વનું પરિપાલન કરો છો. તમે વિશ્વનાં આત્મારુપ હોવાથી વિશ્વને ધારણ કરો છો. તમે ભગવાન વિશ્વનાથનાં પણ વંદનીય છો. જે તમારી આગળ શ્રદ્ધાભક્તિ પૂર્વક નમ્ર બનીને મસ્તક નમાવે છે તે સમસ્ત સંસારને આશ્રય આપનારા બની જાય છે.

**—ચંડીપાઠ શ્લોક ૩૩**

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ 'નવરાત્રિ' પર્વ માગે છે એનો અસલી ચહેરો ॥

આપણને આપણા સ્વરૂપમાં સ્થિર કરવાનું કાર્ય કેવળ કોઈ સંત જ કરી શકે, જેમના શ્વાસ-ઉચ્છ્વાસ પર કેવળ પ્રભુનું જ નામ છે; એવા પરમ આત્મા જ કરી શકે, પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી આવા જ એક સંત છે અને તેથી જ આપણને જ નહિ, આપણાં સર્વ પર્વો-ઉત્સવોને એમના 'અસલ સ્વરૂપ'માં પ્રતિષ્ઠિત કરવા અભિયાનો આદરે છે અને આપણે સર્વને એમાં શામિલ કરવા ચાહે છે.

ફ્રેન્ચ લેખક કાફકાના એક ટુચકાથી આ વાત સ્પષ્ટ થશે. એમાં કહ્યું છે : એક માણસ પોતાની મસ્તીમાં ચાલતો-ચાલતો રસ્તા પરથી પસાર થતો હતો, ત્યાં અચાનક કોઈ એની પાછળ દોડતો આવ્યો અને એને હચમચાવી નાખ્યો. એણે પૂછ્યું ભાઈ, વાત શું છે ? તું આટલી ઝડપથી દોડતો-હાંફતો મને શું કહેવા આવ્યો છે ? એ કહે, 'કંઈ નહિ, આ તો તમારો 'ચહેરો' રસ્તામાં પડી ગયો હતો, મેં જોયો એટલે તમને આપવા આવ્યો છું.'

પેલો કહે, આવી વિચિત્ર વાત શું કરો છો ! મારો ચહેરો તો જુઓ આ રહ્યો મારી પાસે ! ત્યારે એ કહે છે : 'આ તમારો ચહેરો નથી, Mask છે, મુખવટો છે.' જેને તમે ચહેરો માની બેઠા છો, તમારો અસલી ચહેરો તો આ છે. લઈ લો. એટલે હું મુક્ત થાઉં.

તો આજે એવા લોકોનાં ટોળેટોળાં જોવા મળે છે જે



મુખવટાને પોતાનો ચહેરો માનીને નિરાંતે જીવે છે. પોતાનો અસલી ચહેરો, અસલ સ્વરૂપ ગુમાવ્યાની એમને જાણ સુદ્ધાં નથી.

આ કરુણ અવસ્થા એક માણસની જ નહિ, આખા વિશ્વની, એના પ્રત્યેક પર્વની-ઉત્સવની પણ છે.

નવરાત્રિનું અસલ મૂળ સ્વરૂપ-સત્ત્વનું, સાત્ત્વિકતાનું સંપૂર્ણ વિસારે પાડી, આપણે પાછલાં કેટલાંયે વર્ષોથી રજસ્-તમસ્‌થી ભરપૂર મહોરું એને પહેરાવીને રાચીએ છીએ.

પરિણામે 'મૂળ'ની અવહેલના કરી, વૃક્ષની નીચે પડેલાં 'સૂકાં પાંદડાં' ભેગાં કરી, એને સજાવવામાં મશગૂલ રહીએ છીએ.

તેથી જરૂર છે પૂજ્યશ્રી'મા' જેવા સંતોની જે 'માસ્ક'ની ભ્રમણામાંથી દૂર કરી, જગતને એને 'મૂળ ચહેરો' પાછો આપે !

આમ કેમ થયું ?

આપણે ત્યાં છેલ્લાં કેટલાંય વર્ષોથી 'નવરાત્રિ' શબ્દ ગરબા-રાસના પર્યાય તરીકે જ વિચારાય છે.

અલબત્ત, ગરબા-રાસ આદ્યશક્તિની આરાધના કૃષ્ણભક્તિ સાથે જ અનુક્રમે સંકળાયેલા હતા.

વળી સાંસ્કૃતિક-સામૂહિક આનંદનું એ સર્વોત્તમ માધ્યમ પણ હતું.

પણ ધીમે ધીમે 'ગરબો' મંદિર, ઘર-આંગણાના ચોક, શેરી, પોળ, સોસાયટી, મંડળ, વાડી, હૉલમાંથી નીકળી, કલબો, પાર્ટી પ્લોટોના વિશાળ રંગમંચ પર એ જઈ પહોંચ્યો.

તાળી-ચપટી સાથે દાંડિયા, ખંજરી, મંજીરા દીવા-ઘડા, દોરીઓના ગોફ આવ્યા.

માઈક, પ્રકાશયોજના, રંગમંચ સજાવટ, આકર્ષક વેશભૂષા, વાદ્યવૈવિધ્ય-ઢોલ-તબલાં, હાર્મોનિયમ, સિતાર, વાયોલિન, જોરદાર પ્રૅક્ટિસો કોરિયોગ્રાફી...

નવરાત્રિ પર્વમાંથી એ લગ્નો પાર્ટીઓ-સુધી પહોંચ્યો. ગરબામાં પછી ઉપરાંત ભાંગરા, ઘૂમર-જેવાં લોકનૃત્યો ભળ્યાં, ડિસ્કો, શેક જેવા પશ્ચિમી નૃત્યો પણ ભળતાં ગયાં.

મૂળ કવિતાનો ભાવવાહી શબ્દ ઘોંઘાટમાં કર્ણમધુર નહિ, કાન ફાડી નાંખે એવા કોલાહલમાં ગરકી ગયો.

ગરબાને બહાને સમાજમાં ઉચ્છૃંખલતા આવી. કિશોર-કિશોરીઓ, યુવાન-યુવતીઓના શીલ-સંસ્કારના પ્રશ્નો ઊભા થયા. માતાપિતા તાણ અનુભવવા લાગ્યા, બેફામ ખાણીપીણીથી આરોગ્યવિષયક સમસ્યાઓ ઊભી થઈ ઉજાગરાઓથી (૧૦ થી ૪) અભ્યાસ પર અસર....

આમ, જેમ મનુષ્યમાં તેમ તેનાં પર્વની ઉજવણીમાં વિકૃતિઓ આવી. ચહેરો કલુષિત બન્યો, પ્રદૂષિત બન્યો. શું કરી શકાય ? તમે વિમુખ છો, સંમુખ બનો બસ !

'નવરાત્રિ'નો અસલ ચહેરો, અસલી સ્વરૂપ આ લોકના છે. અર્થાત્ યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા :

(૧) જગદંબા આદ્યશક્તિ છે, શક્તિના પ્રથમ પ્રાગટ્ય તરીકે એની પૂજા થવી જોઈએ.

(૨) પ્રાણીમાત્રમાં-આપણા સર્વમાં રહેલી એ 'દિવ્ય શક્તિ'ને ઓળખવા ઉપાસના કરવી પડે.



(૩) નવરાત્રિ પર્વ આપણી અંદર-બહાર રહેલી આસુરી વૃત્તિ-પ્રવૃત્તિઓનો પ્રતિકાર કરવા માટે છે.

(૪) આ 'શક્તિ'ની ઉપાસના નારીના બાહ્ય સૌન્દર્યની નહિ, શીલ-સંસ્કારની ઉપાસના છે.

(૫) ધાર્મિક ઉપરાંત સામાજિક ક્ષેત્રે જાગૃતિ લાવવા આ પર્વ માર્ગદર્શક.

(૬) ભૌતિક સુખસમૃદ્ધિ માટે થતાં ધાર્મિક અનુષ્ઠાનો આધ્યાત્મિક સત્ય ! સુધી પહોંચી શકે.

(૭) વર્તમાનમાં કોરોનાની અમંગલતા જ નહિ, સૃષ્ટિનાં સર્વ અમંગલકારી તત્ત્વો સામે પોતાનું શુભતત્ત્વ પુનઃ પ્રતિષ્ઠ કરશે.

એ માટે—

**''મા' કૃપા હી કેવલં કારણમ્'**

પછી 'મા કૃપા'ને આપણે સદ્‌ગુરુશ્રી યોગેશ્વરજીની કૃપા પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીની કૃપા કે પરમકૃપાળુ પરમાત્માની કૃપા કહો જે સ્વરૂપથી વિમુખ છો, સંમુખ બનો.

ટૂંકમાં પૂજ્યશ્રી'મા'એ નવરાત્રિ પર્વને એનું 'અસલી સ્વરૂપ' આપી, એના મૂળ ગૌરવને પ્રસ્થાપિત કરવા, 'નવરાત્રિ'ના સૂર્ય તરફ પીઠ રાખી, એની શોધમાં હજારો કી.મી. દૂર ચાલી નીકળ્યા છે; તેમને તેઓ જ્યાં છે ત્યાં ઊભા રહી જઈ 'સૂર્યાભિમુખ' થવા સૂચવે છે.

**—સંકલન**

## ।। દુર્ગાસપ્તશતી ।।

[દુર્ગાસપ્તશતી, ચંડીપાઠ અથવા દેવીભાગવત ભારતના પરંપરાગત પ્રાચીન, ધાર્મિક સાહિત્યભંડારમાં મહત્ત્વનું અને આગળ પડતું સ્થાન ધરાવે છે. જનતામાં એની ખૂબ જ પ્રસિદ્ધિ છે. ખાસ કરીને નવરાત્રિના પવિત્ર દિવસોમાં એના પાઠ કે પારાયણનો આધાર લેવાય છે અને ઠેરઠેર એની કથાઓ થાય છે. જનતા એના પ્રેરક પ્રસંગોમાંથી પ્રેરણા મેળવીને પોતાની ધર્મભાવનાને વધારે છે. દુર્ગાસપ્તશતીએ એવી વિવિધ રીતે જનતાની સેવા કરીને ખૂબ જ સન્માનનીય સ્થાન પોતાની ગુણવત્તા અને ઉપયોગિતાના આધારે પ્રાપ્ત કર્યું છે. એવા મહત્ત્વના મહાગ્રંથની ચર્ચા-વિચારણા કરીને મારા સમયનો સદુપયોગ થયો છે; એવી લાગણી મને થયા વગર નથી રહી શકતી. બીજાને પણ એવી લાગણી અધિક અથવા અલ્પ પ્રમાણમાં થઈ રહેશે એવી આશા છે. પ્રત્યેક સંસ્કૃતિમાં સ્ત્રી-પુરુષે આવા સદ્‌ગ્રંથથી સુપરિચિત રહેવું જોઈએ.

—શ્રી યોગેશ્વરજી]

માર્કંડેય પુરાણનો એક ભાગ 'દુર્ગાસપ્તશતી' છે. જે તંત્રમાર્ગમાં 'ચંડીપાઠ' તરીકે ઓળખાય છે.

આમાં દેવીમાહાત્મ્ય-'ચંડીનો મહિમા' વર્ણવાયો છે. મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી વિવિધ અસુરોનો વધ કરે છે એની કથા છે.

શ્રી યોગેશ્વરજી કહે છે : 'સામાન્ય રીતે મોટા ભાગનો જન



સમુદાય ભૌતિક સુખસમૃદ્ધિ માટે જ ધાર્મિક અનુષ્ઠાનો કરતો હોય છે.'

જો કે લૌકિક સુખને બહાને પણ લોકો ધર્માભિમુખ થાય તો એમની આગળ 'આધ્યાત્મિક રહસ્ય' ખોલી શકાય.

'દુર્ગાસપ્તશતીસાર'માં શ્રી યોગેશ્વરજી સ્પષ્ટ કહે છે : 'સ્ત્રીશક્તિનું જ્વલંત જયગાન કરતો આ ગ્રંથ છે. આવા સાહિત્ય દ્વારા સંસ્કૃતિનું સંરક્ષણ-સંવર્ધન થાય છે.'

દેવી તો અહંકારના નિર્મૂલન માટે જ આવે છે. 'શક્તિની ઉપાસનાં સ્ત્રીના બાહ્ય સૌન્દર્યની નહિ, એના શીલ-સંસ્કારની ઉપાસના છે.'

આ ગ્રંથ અંદર તેમજ બહાર રહેલી આસુરી વૃત્તિ અને પ્રવૃત્તિનો પ્રતિકાર કરવાનો સંદેશ આપે છે.

આ પૌરાણિક ગ્રંથનું માત્ર ધાર્મિક મહત્ત્વ નથી, સામાજિક પ્રબંધનશિક્ષણમાં પણ માર્ગદર્શક થઈ શકે છે.

લૌકિક તેમજ પારલૌકિક કલ્યાણ માટેની આ મહત્તા છે.

**—સંપાદન**

જે શરણે આવેલાનું રક્ષણ કરનારી ! વિવાદ, વિષાદ, પ્રમાદ, પ્રવાસ, જળ, અગ્નિ, પર્વત, શત્રુ, વન સર્વની વચ્ચે સદાય મારું રક્ષણ કરજે. હે ભવાની ! તું જ એકમાત્ર મારી ગતિ છે.

**—ભવાન્યષ્ટકમ્**

**(આદિ શંકરાચાર્ય)**

## ॥ 'પ્રેમસંગીત' ॥

શ્રી યોગેશ્વરરચિત 'પ્રેમસંગીત' એક યુવાહૃદયનો પ્રબળ પ્રભુપોકાર છે. પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી નોંધે છે તેમ; 'આ કૃતિમાં પોકાર છે, વેદના છે, તલસાટ છે. યુવાનીના ઉંબરેથી (૨૭ વર્ષની વયે) પાડેલા આર્તનાદ પૂજ્યશ્રીની આત્મદર્શનની ભૂખ દર્શાવે છે.'

શ્રી યોગેશ્વરે સ્વયં પણ આ રચનામાં કહ્યું જ છે :

**'નથી મારાં ગીતો રસિક ઉરના ફક્ત પડઘા**
**નથી તે શબ્દો કૈં પ્રણયભર શોખીન જનતા**
**વહે છે લોહી ને રગરગમહીં પ્રેમ મધુરો**
**સમાયે ના હૈયે કવન મહિં તેથી ટપકતો.'**

શ્રી યોગેશ્વરરચિત આ 'પ્રેમસંગીત' રચના લાગણીઓનો ઊભરો તો છે જ પણ સાથે સાથે એમાં તાત્ત્વિક સમજણની સૂક્ષ્મતા પણ અપૂર્વ છે. જેમકે—

**'તમે છો કૃષ્ણ ને શંકર, વળી છો રામ ને શક્તિ.**
**તમોને તત્ત્વથી તે જાણતા, જે કરે છે ભક્તિ.'**

એટલે આ કાવ્ય બહુધા ઊર્મિછલકતું છતાં શ્રી યોગેશ્વરની ભીતરની સ્વસ્થતાની ઝલક આપતું રસમય ભક્તિસ્તોત્ર બની રહ્યું છે.

હિમાલયના દેવપ્રયાગમાં ઈ.સ. ૧૯૪૯ની ૨૧મી જૂને આરંભાયેલું આ કાવ્ય ૨૭મી જૂને પૂર્ણ થાય છે. અને આપણને



છંદોબદ્ધ પદ્યમાં રચાયેલું, ત્રણ ખંડોમાં વિભાજિત એક સળંગ દેવીસ્તુતિ-ભક્તિસ્તોત્ર પ્રાપ્ત થાય છે. પ્રચલિત છંદ શિખરિણીમાં શરૂ થતું આ સ્તોત્ર હરિગીત, અનુષ્ટુપ, મંદાક્રાન્તા તેમજ વસંતતિલકામાં પણ ગતિ કરે છે.

કાવ્યના પહેલા ખંડમાં ૬૫ કડીઓ છે, બીજા ખંડમાં ૨૮ ને ત્રીજા ખંડમાં ૧૯ એમ કુલ ૧૧૨ કડીનું આ સળંગ કાવ્ય છે.

કાવ્યના પહેલા ખંડમાં માતાની શક્તિ તેમજ સૌંદર્યનું વર્ણન મુખ્ય છે.

**'તમે છો રૂપના ભંડાર, રસના શાંત સાગર છો**
**તમે સૌન્દર્યના શૃંગાર, અમૃત કે પરમ પદ છો.'**

એમ કહી કવિશ્રી પ્રાર્થે છે :

**'કરી દો કામનાસિદ્ધિ, પ્રેમીની કામધેનુ હે !**
**પ્રેમીના પ્રેમશબ્દોથી સંતોષાવું સદા ઘટે !'**

કાવ્યના બીજા ખંડમાં પ્રેમભાવનું આવર્તન પ્રબળ બને છે અને કવિશ્રી સ્પષ્ટ કહી દે છે :

**'હવે તો એક ક્ષણ પણ ના વિલંબ સહાય મારાથી'**

વિનમ્રભાવે વીનવે છે :

**'કાલાઘેલા કહ્યા શબ્દો, તેથી ખુશ થવુ ઘટે'**

કાવ્યના ત્રીજા ખંડમાં કવિશ્રી કાકલૂદી કરે છે :

**'તમારા વિના શવ બધું વિના મૂલ્ય ને દીન**
**તમારા થકી થાય છે શવમાંથી શિવ જીવ.'**

આમ, ત્રણ ખંડોમાં વિભાજિત 'પ્રેમસંગીત' કાવ્યરચના

તેના રચયિતા પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરના અ-ખંડ, અ-વિભક્ત તેમજ અનન્ય પ્રભુપ્રેમનું પ્રતીક બની, અનુક્રમે તીવ્ર-તીવ્રતર-તીવ્રતમ ભાવાવેગમાં રાચતી-રાજતી હૃદયદ્રાવક દેવીસ્તુતિનું એક 'અનુપમ ભક્તિસ્તોત્ર' બની ભાવિકોના હૃદયોને ભીંજવી રહે છે.

'પ્રેમસંગીત' શીર્ષક કૃતિનું કેવળ નામાભિધાન નથી, એમાં સમગ્ર કૃતિનું હાર્દ સમાયેલું છે. આ કેવળ પ્રેમજન્ય સંગીત નથી, પ્રેમ સ્વયં જ સીધો સંગીતસ્વરૂપે પ્રગટ્યો છે. એટલે એને વધાવવા શ્રી પ્રેમેશ્વરે પ્રગટવું જ રહ્યું. ભક્તના આ વિશેષ પ્રેમાધિકારને પ્રતિષ્ઠિત કરતી આ રચના પૂ.શ્રી યોગેશ્વરની સર્જક પ્રતિભાનો પ્રબળ ટંકાર છે એમાં શંકા નથી.

**—સંપાદન**

પ્રત્યેક જીવ પોતાના પૂર્વ સંબંધથી પરમાત્મા સાથે સંકળાયેલો છે, પરમાત્માનો છે, પરમાત્માસ્વરૂપ છે, પરંતુ એને એનું વિસ્મરણ થયું છે. દેવર્ષિ નારદે પાર્વતીની પાસે પહોંચીને એમના શંકર સાથેના પૂર્વસંબંધનું સ્મરણ કરાવ્યું અને ઉજ્જવળ ભાવિનું રેખાદર્શન કરાવીને તપશ્ચર્યાની પ્રેરણા પ્રદાન કરી એમ સદ્‌ગુરુ કે શાસ્ત્રો માનવને પરમાત્મા સાથેના મૂળભૂત પરમદિવ્ય પૂર્વસંબંધનું સ્મરણ કરાવે છે.

**—શ્રી યોગેશ્વરજી**

**(શિવ-પાર્વતી પ્રસંગ)**



# ॥ 'પ્રકાશના પંથે'ની પ્રાર્થનાઓનું સ્વરૂપ ॥

પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજીની નવરાત્રિની કેવળ પાણી પરના ઉપવાસથી થતી પ્રાર્થનાઓનું સ્વરૂપ સમજતાં જણાય છે કે;

આ પ્રાર્થનાઓ મૌખિક શબ્દોની ગોઠવણી નથી, હૃદયનો પોકાર છે.

દિવસના એનાયત કરેલ એકાદ કલાકની વાત નથી, જાગૃતિની પ્રત્યેક ક્ષણ પ્રભુમય છે.

એકમાત્ર અભીપ્સા જગદંબા-દર્શનની છે, અન્ય કોઈ સ્પૃહા નથી.

કંકુચોખા, પુષ્પ-ધૂપદીપ જેવી કોઈ સામગ્રી નથી, કેવળ ભાવ-પ્રેમભાવની સંપદા છે.

જગદંબા માટે તીવ્ર તલસાટ, તીવ્ર તડપન, વ્યાકુળતા છે.

ઊઠતાં-બેસતાં, પ્રત્યેક શ્વાસ-ઉચ્છ્‌વાસમાં પ્રભુરટણા છે.

આત્મનિવેદનમાં નરી નિખાલસતા, પારદર્શકતા, ભાવની સચ્ચાઈ છે.

નસેનસમાં લોહી નહિ, પ્રભુપ્રેમ વેગથી વહે છે.

સૌથી વિશેષ તો તેઓશ્રીની પ્રાર્થનાઓનો આધાર કોઈ શાસ્ત્ર નથી કે નથી પ્રચલિત શ્લોકો-મંત્રોના પોપટપાઠ ! નથી અનુષ્ઠાનો કે પુનરાવર્તનો.

હૃદયમાંથી ઊઠતી સંવેદના પોતાના મૌલિક-આગવા શબ્દો લઈ આવે છે.

ટૂંકમાં, પોતીકી સંવેદના અને પોતીકી ભાષા તેથી જ પ્રત્યેક પ્રાર્થના હૃદયદ્રાવક, પ્રભાવક બની રહે છે.

**—સંકલન**

## ॥ પૂ.શ્રી યોગેશ્વરજીની પ્રાર્થનાઓનો મર્મ ॥

નવરાત્રિ નિમિત્તે થયેલી પ્રાર્થનાઓ 'નવરાત્ર' પૂરતી સીમિત રહેવાને બદલે 'હરરાત્ર' સુધી જીવાતા જીવનની દરેક રાત્રિ જ નહિ દરેક દિવસની પ્રાર્થના બની રહે છે. એનું સ્વરૂપ કે પ્રકાર બદલાય પણ ભક્તની શરણાગતિનો-સમર્પણનો ભાવ સદૈવ અકબંધ રહે છે.

વ્રત-ઉપવાસના, જપજાપના, ધ્યાન-સમાધિના, સત્સંગ-સંતસંનિધિ, સદ્ગ્રન્થના વાચન-લેખનમાં, હર ક્ષણે એ ખ્યાલમાં રહે છે કે, આ સર્વ પ્રકારની સાધનાનો પુરુષાર્થ મનુષ્યના વશમાં છે. પણ કૃપા તો 'મા' કરે ત્યારે અને તો જ એ ફળવંતી બને, પરિણામકારી નીવડે.

એટલે 'મા કૃપા હી કેવલં કારણમ્' એની પ્રતીતિ સોટકા છે.

પણ મનુષ્યની ફરજ હાર્યા વિના, નિરાશ થાય વિના સાધનારત રહી, 'મા'ની કૃપા માટે પ્રતીક્ષા કરવાની છે.

એક ને એક દિન 'મા'ની કૃપાએ વરસવું જ પડશે, એવી દૃઢ શ્રદ્ધા એનામાં રાખી, બસ એનું રટણ અહર્નિશ થયા કરે એવી ભાવાવસ્થામાં સ્થિર રહેવાનું છે.

કૃપા કરવી કે નહિ ! ક્યારે કરવી ?—એ સર્વ જગદંબા પર નિર્ભર છે.

પણ હું હારીને-થાકીને-કંટાળીને-ડરીને કે ત્રાસીને પણ એ માટેનો પુરુષાર્થ ત્યજીશ નહિ.

ઇચ્છા તમારી પણ મારી પ્રાર્થના અવિરત, હરહંમેશ, હર



હાલમાં રહેશે, એ મારો દૃઢાતિદૃઢ અવિચલ સંકલ્પ છે.

આમ, પ્રાર્થનાઓનો દોર ચાલુ જ રહે છે, ૧૪મે વર્ષે આરંભાયેલો યજ્ઞ, ૧૯૫૩માં આ પ્રમાણે પ્રજળી, છેક ૧૯૬૦માં પરિણામકારી, ફળદાતા નીવડે છે.

સાધનાનો દોર લંબાતો જ રહે છે, એમાં નવરાત્રિના ૯ દિવસ પૂરા થયા. જપ, વ્રત, ઉપવાસ કર્યા ને ધારેલું ફળ મળી ગયું. 'ઈતિ સિદ્ધમ્ અનુષ્ઠાનમ્' એવા સંતોષને કોઈ સ્થાન નથી.

બાહ્ય ઉપાસના તો પ્રતીક માત્ર છે, સાચી ઉપાસના આંતરિક હોય છે.

એમાં તન-મન પૂરાં વલોવાઈ જાય, આયુષ્યની સમગ્ર ક્ષણોનો સરવાળો. તપોમય થઈ જાય, પરિશુદ્ધ થઈ જાય. પવિત્ર થઈ જાય; ત્યારે ક્યાંક 'પરમાત્માની ઝાંખી' થાય !!

'કઠિન જ નહિ, અતિકઠિન સાધનાયાત્રા સદા !'

—પણ કરવા જેવી આ એક જ યાત્રા ! બધી યાત્રાઓ છેવટે આ 'યાત્રા' સુધી પહોંચવા માટેના પ્રારંભકની ગરજ સારે.

**—સંકલન**

જે જગતની એકમાત્ર અંતરંગ શક્તિ છે, જે સમસ્ત જગતમાં વ્યાપક છે, સઘળા દેવોની શક્તિના સમૂહરૂપ છે, તથા સર્વ દેવો અને મહર્ષિઓને માટે પૂજવા યોગ્ય છે, એ જગદંબાને અમે પરમપ્રેમ ભક્તિથી પ્રેરાઈને નમીએ છીએ. એ અમારું કલ્યાણ કરો. અમારી ઉપર સદા મંગલ વરસાવો.

**—દુર્ગાસપ્તશતી સાર શ્લોક ૩**